


* હું એક અખંડ જ્ઞાયકમૂર્તિ છું, વિકલ્પનો એક અંશ પણ મારો નથી—એવો સ્વાશ્રયભાવ રહે તે મુક્તિનું કારણ છે.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સં. ૧૫ સં. ૨૦૫૧ (૬૨૪) * આત્મધર્મ * (અંક-૪ વર્ષ-૫૨) વીર સં. ૨૫૨૧ ઓક્ટોબર, ૧૯૯૫

## 卐 આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો 卐

* પ્રતિમા ઉસે કહા ગયા હૈ જહાં રત્નત્રયધર્મકો તથા શુદ્ધ ઉત્કૃષ્ટ આત્મતત્ત્વકો મનન કિયા જાવે. યહ અનુભવ કિયા જાવે કિ મેરે આત્માકા અપના હી સ્વભાવ શુદ્ધ સ્વરૂપી પરમાત્મા હૈ. ઐસા સ્વરૂપાચરણચારિત્ર હો તબ પ્રતિમા કહી જાતી હૈ. ૪૩૨.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૩૦૩ )

* જેમ દૂધમાં પડેલ ઇન્દ્રનીલમણિ પોતાના તેજથી દૂધમાં ચારે તરફ વ્યાપી જાય છે— પોતાના તેજ જેવું નીલું બનાવી લે છે તેવી જ રીતે જ્ઞેયની મધ્યમાં રહેલ જ્ઞાન પોતાના પ્રકાશથી જ્ઞેયસમૂહને સર્વ તરફથી વ્યાપીને તેને પ્રકાશિત કરે છે— પોતાનો વિષય બનાવી લે છે. ૪૩૩.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, જીવ અધિકાર, ગાથા-૨૧ )

* હે ભવ્ય ! તું જીવને રસરહિત, રૂપરહિત, ગંધરહિત, અવ્યક્ત અર્થાત્ ઇન્દ્રિયોને ગોચર નથી એવો, ચેતના જેનો ગુણ છે એવો, શબ્દ-રહિત, ચિહ્નથી જેનું ગ્રહણ નથી એવો અને જેનો કોઈ આકાર કહેવાતો નથી એવો જાણ. ૪૩૪. ( શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા-૪૯ )

* જગતમાં તત્ત્વને કોઈ વિરલા પુરુષ સાંભળે છે, સાંભળીને પણ તત્ત્વને યથાર્થરૂપ વિરલા જ જાણે છે, જાણીને પણ તત્ત્વની ભાવના અર્થાત્ પુનઃ પુનઃ અભ્યાસ વિરલા જ કરે છે તથા અભ્યાસ કરીને પણ તત્ત્વની ધારણા ( તત્ત્વનું ધારણ કરવું ) તો વિરલાઓને જ હોય છે. ૪૩૫.

( શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા-૨૭૯ )

* જો પરદ્રવ્ય ઇષ્ટ-અનિષ્ટ હોત અને ત્યાં આ જીવ રાગ-દ્વેષ કરતો હોય તો મિથ્યા નામ ન પામત. પણ તે તો ઇષ્ટ-અનિષ્ટ નથી અને આ જીવ તેને ઇષ્ટ-અનિષ્ટ માની રાગ-દ્વેષ કરે છે તેથી એ પરિણામોને મિથ્યા કહ્યા છે. ૪૩૬. ( શ્રી ટોડરમલજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિ.-૪, પાનું-૯૪ )

કહાન
સંવત-૧૫
વર્ષ-૫૧
અંક-૪
[ ૬૨૪ ]




વીર
સંવત
૨૫૨૧
સં. ૨૦૫૧
OCT.
A. D. 1995

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# દીપાવલીપર્વ : વીરનિર્વાણકલ્યાણક મહોત્સવ

[ 'અર્હંતશ્રીનાં વચનામૃત' બોલ ૪૬૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આસો વદ ચૌદશની પાછલી રાત્રે આ ભરતક્ષેત્રના અંતિમ તીર્થંકર શ્રી મહાવીર ભગવાન પાવાપુરીથી સમશ્રેણીએ મોક્ષ પધાર્યા, ને આસો વદ અમાસની વહેલી પ્રભાતે સ્વર્ગલોકમાંથી આવીને ઇન્દ્રો અને દેવોએ નિર્વાણકલ્યાણક—મહોત્સવ ઊજવ્યો. તે ઉત્સવના પ્રતીકરૂપે લોકો તે દિવસે 'દીપાવલીપર્વ' ઊજવે છે.

'શ્રી મહાવીર તીર્થાધિનાથ આત્માના પૂર્ણ અલૌકિક આનંદમાં અને કેવળજ્ઞાનમાં પરિણમતા હતા.'

મહાવીરનો જીવ પૂર્વે પુરૂરવા નામનો ભીલ હતો. તે ભવમાંથી તેનો સુધારો થવા માંડ્યો હતો. વચ્ચે બીજા ઘણા ભવ કર્યા હતા, અંતિમ ભવે ભરતક્ષેત્રના મગધદેશની કુંડલપુરીમાં સિદ્ધાર્થરાજાની રાણી ત્રિશલાદેવીની કૂખે ચોવીસમા તીર્થંકરરૂપે અવતાર લીધો હતો. પુરૂરવા ભીલોનો રાજા હતો. વનમાં મુનિ ધ્યાનસ્થ બેઠા હતા. દૂરથી તેમને મૃગ જાણીને પુરૂરવા બાણ છોડવાની તૈયારીમાં હતો ત્યાં તેની પત્નીએ કહ્યું : આ તો મહાન સંત છે, કોઈ મુનિરાજ છે. ભીલે બાણ મૂકી દીધું ને મુનિરાજ પાસે જઈને ભક્તિથી વંદન કર્યું. મુનિરાજનો ઉપદેશ સાંભળીને મદ્ય, માંસ ને મધુનું ત્યાગવ્રત લીધું; તે શુભભાવ હતો, ધર્મ નહોતો. ત્યાંથી તેના સુધારની

શરૂઆત થઈ. ત્યાંથી મરીને સ્વર્ગમાં દેવ થાય છે, ત્યાર પછી ક્રમે અનેક ભવ કરીને સિંહનો ભવ કરે છે. આ ભવ 'મહાવીર' થવા પહેલાંનો દસમો ભવ છે. એક વાર તે હરણને ફાડી ખાતો હતો ત્યારે આકાશમાંથી બે ચારણઋદ્ધિધારી મુનિવરો ઊતરે છે અને સિંહને સંબોધન કરે છે : 'હે વનરાજ ! તું આ શું કરે છે ? અમે તો ભગવાન પાસે સાંભળ્યું છે કે—તું દસમા ભવે મહાવીર તીર્થંકર થવાનો છે. નરકગતિમાં લઈ જનારી આવી ઘોર હિંસા તને શોભે ? સચ્ચિદાનંદ પ્રભુ તારો આત્મા અંદર બિરાજે છે તેને, અંતરમાં દૃષ્ટિ કરીને, ગ્રહણ કર ! તેની અનુભૂતિ કર ! સમ્યક્ત્વ પ્રગટ કરવાનો તારો અવસર આવી ગયો છે.' અહા, જુઓ ! અંદર ઉપાદાન તૈયાર થાય છે ત્યાં કુદરતે નિમિત્તનો યોગ કેવો થઈ જાય છે ! મુનિરાજની ભાષા કેવી હશે ? ભાષા ગમે તે જાતની હોય પણ સિંહ ભાવ બરાબર સમજી ગયો. ઉપદેશ સાંભળીને સિંહની આંખોમાંથી આંસુની ધારા વહી જાય છે. અંતર્મુખ દૃષ્ટિ કરીને તે વખતે સિંહ સમ્યગ્દર્શન ને નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિ પામી જાય છે. અરે હજી તો પંજા નીચે મારી નાખેલું હરણ પડ્યું છે, પેટમાં પણ માંસ પડ્યું છે—એવી સ્થિતિમાં પણ જીવ, એ બધાંથી પોતાની પરિણતિ પાછી વાળીને, અંતરના પુરુષાર્થ વડે સાધનાનું કામ કેવું સાધી લે છે ! અહા ! અંતરની પાત્રતા હોય ત્યાં નિમિત્તોનો યોગ સહજ બની જાય છે. નિમિત્તો મેળવવા પડતાં નથી ને નિમિત્તથી કામ થતું પણ નથી. સિંહની પોતાની ઉપાદાનભૂત તૈયારી થઈ ત્યાં આકાશમાંથી અઘોર જંગલમાં મુનિવરો ઊતર્યા અને કહ્યું કે—હે મૃગરાજ ! તું અંદર ભગવાન છો, જિનસ્વરૂપ છો.

> ઘટ ઘટ અંતર જિન બસે, ઘટ ઘટ અંતર જૈન;
> મતિમદિરાકે પાનસોં, મતવાલા સમુઝે ન.
> જિન સોહી હૈ આતમા, અન્ય હોઈ સો કર્મ;
> કર્મ કટે સો જિનવચન, તત્ત્વજ્ઞાનીકોં મર્મ.

—પ્રભુ ! તું જિન છો ને ! વીતરાગમૂર્તિ ભગવાન છો ને !—એટલું સાંભળતાં સિંહ અંદરમાં ઊતરી ગયો અને સમ્યગ્દર્શન પામી ગયો. આંખમાં આંસુની ધારા વહે છે અને અંતરમાં અશુદ્ધતાની ધારા અંશે ચાલી જાય છે—નષ્ટ થાય છે અને સ્વાનુભૂતિયુક્ત શુદ્ધતાની ધારા ચાલુ થાય છે. સાધનાની અતૂટ ધારા રાખીને મહાવીરનો જીવ સિંહપર્યાય છોડી, વચ્ચે દેવ-મનુષ્યના પાંચ ભવ કરીને ધાતકીખંડના પૂર્વ વિદેહક્ષેત્રમાં ચક્રવર્તી થાય છે. ત્યાર પછી પૂર્વના ત્રીજા ભવમાં જંબૂદ્વીપમાં નંદ રાજા થાય છે, મુનિપણું લઈ તીર્થંકર નામકર્મ બાંધે છે. ત્યાંથી ૧૬મા સ્વર્ગમાં અચ્યુતેન્દ્રપણે ૨૨ સાગરનું આયુષ્ય પૂર્ણ કરીને જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં મગધદેશની કુંડલપુરીના

રાજા સિદ્ધાર્થની ત્રિશલારાણીની કૂખે, અષાઢ સુદ છઠના દિને, આવે છે. ઇન્દ્રો અને દેવો ગર્ભકલ્યાણકનો મોટો ઉત્સવ ઊજવે છે. ચૈત્ર સુદ ૧૩ના દિને જન્મ-કલ્યાણક, ત્રીશ વર્ષની ઉંમરે માગશર વદ ૧૦ (ગુજરાતી કારતક વદ ૧૦)ના દિને તપકલ્યાણક, સાડાબાર વર્ષની તપસાધના પછી વૈશાખ સુદ ૧૦ના દિને કેવળજ્ઞાનકલ્યાણક અને ત્રીશ વર્ષ સુધી દિવ્યધ્વનિ દ્વારા શાસનપ્રવર્તન પછી ૭૨ વર્ષની ઉંમરે આસો વદ ૧૪ની પાછલી રાત્રે નિર્વાણકલ્યાણક—એ પાંચેય કલ્યાણકો ઇન્દ્રો અને દેવોએ સ્વર્ગમાંથી મધ્યલોકમાં આવીને અતિ આનંદોલ્લાસપૂર્વક ઊજવ્યાં હતાં. આસો વદ અમાસના દિને વીરનિર્વાણની જે મોટી ઊજવણી થઈ તે દીપાવલીના વાર્ષિક દિવસે કોઈએ બેનને પૂછ્યું છે : આજે વીરનિર્વાણદિનપ્રસંગે કૃપા કરી બે શબ્દ કહો. તેના જવાબમાં કહે છે કે—શ્રી મહાવીર તીર્થાધિનાથ આત્માના પૂર્ણ અલૌકિક આનંદમાં અને કેવળજ્ઞાનમાં પરિણમતા હતા.

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થતાં ચોથે ગુણસ્થાને સિદ્ધની જાતિનો અતીન્દ્રિય અલૌકિક આનંદ પ્રગટે છે પણ તે બહુ અલ્પ છે, અને જ્યારે સાચું દિગંબર મુનિપણું પ્રગટે છે ત્યારે, અંતરમાં સ્વરૂપસ્થિરતા ખૂબ વધી ગઈ હોવાથી, તે અલૌકિક આનંદનું પ્રચુર સંવેદન હોય છે; તોપણ હજી આનંદ પૂર્ણ પ્રગટ થયો નથી. પૂર્ણ અલૌકિક આનંદ તો કેવળજ્ઞાનદશા—ચારેય ઘાતિકર્મનો ક્ષય થતાં અનંત ચતુષ્ટયરૂપ અરિહંત-દશા—પ્રાપ્ત થાય ત્યારે પ્રગટે છે. ચોથે ગુણસ્થાને અંશે આનંદ, છઠ્ઠે-સાતમે પ્રચુર આનંદ, બારમે વીતરાગ-આનંદ, તેરમે ક્ષાયિક અનંત આનંદ ને સિદ્ધમાં ક્ષાયિક અવ્યાબાધ આનંદ હોય છે.

વીરપ્રભુ પૂર્ણ આનંદ પામ્યા પહેલાં આનંદના પ્રચુર સંવેદનસ્વરૂપ મુનિદશામાં હતા. અહા! મુનિદશા કોને કહીએ! જે અંતર્બાહ્ય નિર્ગ્રંથ સંત પરમશુદ્ધોપયોગ-ભૂમિકાને પ્રાપ્ત હોય તેમને મુનિ કહીએ. અત્યારે તો દિગંબર સાધુ થઈને એમ કહે છે કે—આ પંચમ કાળમાં શુદ્ધોપયોગ ન હોય, એકલો શુભોપયોગ જ હોય. અરે ભાઈ! સાધુ થઈને આ તું શું કહે છે? અત્યારે પંચમ કાળે જો એકલો શુભોપયોગ જ હોય તો શું ધર્મ નથી? ભગવાન કુંદકુંદાચાર્યદેવે તો 'પંચમ કાળે ધર્મધ્યાનરૂપ શુદ્ધોપયોગ હોય છે' એમ મોક્ષપ્રાભૃતમાં કહ્યું છે—

ભરતે દુષમકાળેય ધર્મધ્યાન મુનિને હોય છે;
તે હોય છે આત્મસ્થને; માને ન તે અજ્ઞાની છે.

પ્રવચનસારમાં કહ્યું છે : સાચા ભાવલિંગી આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ—બધા

પરમશુદ્ધોપયોગભૂમિકાને પ્રાપ્ત હોય છે. ભૂમિકાનુસાર વ્રતાદિના વિકલ્પ આવે છે પણ તે હેયપણે વર્તે છે, તેને તેઓ વિશેષ સ્વરૂપસ્થિરતા વડે ઓળંગી જશે.

'આજે તેમણે સિદ્ધદશા પ્રાપ્ત કરી.'

વીરપ્રભુ, પ્રચુર આનંદના સંવેદનરૂપ પરમશુદ્ધોપયોગદશાને પ્રાપ્ત કરી, સાડા બાર વર્ષની ઉગ્ર સ્વરૂપસાધના પછી કેવળજ્ઞાન પામ્યા. પૂર્ણ આનંદ ને કેવળજ્ઞાન પરિણતિને પ્રાપ્ત વીરપ્રભુએ, દિવ્યધ્વનિ દ્વારા ત્રીસ વર્ષ સુધી ધર્મપ્રવર્તન થયા પછી, આજે—આસો વદ ચૌદશની પાછલી રાત્રિએ—સિદ્ધદશા પ્રગટ કરી. અરેરે! લોકોએ અત્યારે માર્ગમાં બહુ ગરબડ કરી નાખી છે. ત્રિલોકીનાથ સર્વજ્ઞ પરમાત્માનું દિવ્યધ્વનિમાં કથન છે કે—જ્યાં પરમાત્મદશા પ્રગટે છે ત્યાં આત્માના પૂર્ણ અલૌકિક આનંદ ને કેવળજ્ઞાનરૂપ પરિણમન હોય છે. એ કેવળજ્ઞાની પરમાત્માનો દેહદેદાર નગ્નદશારૂપ હોય છે, અરે! જે સાચા ભાવલિંગી સંત છે તેમને પણ વસ્ત્ર ન હોય તો કેવળી પરમાત્માને વસ્ત્ર ક્યાંથી હોય? વીરપ્રભુએ પ્રથમ પ્રચુર સ્વસંવેદનયુક્ત નગ્નદશારૂપ વીતરાગ મુનિપણું અંગીકૃત કર્યું, પછી પૂર્ણ અલૌકિક આત્મિક આનંદયુક્ત કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું, અને પછી આજે અશરીરી સિદ્ધદશા પ્રગટ કરી.

'ચૈતન્યશરીરી ભગવાન આજે પૂર્ણ અકંપ થઈને અયોગીપદને પામ્યા, ચૈતન્યગોળો છૂટો પડી ગયો, પોતે પૂર્ણ ચિદ્રૂપ થઈ ચૈતન્યબિંબરૂપે સિદ્ધાલયમાં બિરાજી ગયા; હવે સદાય સમાધિસુખાદિ અનંત ગુણોમાં પરિણમ્યા કરશે.'

ભગવાન આત્મા તો જ્ઞાનશરીરી છે, આ દશ્યમાન શરીર તો ધાનનું ઢીંગલું, જડ, અચેતન, માટી—ધૂળ છે, અરે! પુણ્યપાપના ભાવો છે તે પણ કાર્મણશરીરનો ફફડાટ છે, આત્માનું સ્વરૂપ નથી. પૂર્ણાનંદ ને કેવળજ્ઞાનસ્વરૂપ ચૈતન્યશરીરી મહાવીરપ્રભુ આજે પૂર્ણ અકંપ થઈને અયોગીપદ—ચૌદમું ગુણસ્થાન—પામ્યા. अ, इ, उ, ऋ, लृ—એ પાંચ હ્રસ્વ સ્વરના ઉચ્ચાર જેટલા સમય પછી તરત જ ચૈતન્યગોળો દેહથી છૂટો પડીને તે જ સમયે, પાવાપુરીની સમશ્રેણીએ, તેમનો શુદ્ધાત્મા લોકના અગ્ર ભાગમાં સમવસ્થિત થઈ ગયો—પૂર્ણ અશરીરી ચિદ્રૂપ થઈને કેવળ ચૈતન્યબિંબરૂપે સિદ્ધાલયમાં બિરાજી ગયો; હવે ત્યાં સદાય—સાદિ-અનંત કાળ—સમાધિસુખાદિ અનંત ગુણોમાં પરિણમ્યા કરશે. શ્રીમદે 'અપૂર્વ અવસર'માં કહ્યું છે ને!—

પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી,
ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;

સાદિ અનંત અનંત સમાધિ સુખમાં;

અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો.—અપૂર્વ૦

સિદ્ધભગવાન સાદિ-અનંત કાળ શું કરે છે?—તો કહે છે : ક્ષાયિક અનંત સમાધિ, શાન્તિ, સુખ, જ્ઞાન, દર્શન, વીર્ય આદિ અનંત ગુણોની પરિપૂર્ણ પર્યાયે નિરંતર પરિણમ્યા કરે છે. અહીં સંસારમાં પણ જીવ બીજું શું કરી શકે છે? શું શરીર, વાણી કે સ્ત્રી-પુત્રનું કાંઈ કરી શકે છે? નહિ; માત્ર અસમાધિ, અશાન્તિ ને દુઃખ ઇત્યાદિરૂપે પરિણમ્યા કરે છે. વીરપ્રભુ હવે સાદિ-અનંત સમાધિસુખાદિ અનંત ગુણોની પૂર્ણ પર્યાયોરૂપે નિરંતર પરિણમ્યા કરશે.

'આજે ભરતક્ષેત્રમાંથી ત્રિલોકીનાથ ચાલ્યા ગયા, તીર્થંકરભગવાનને વિયોગ થયો, વીરપ્રભુના આજે વિરહ પડ્યા.'

ઋષભદેવભગવાન કૈલાસ—અષ્ટાપદ—પર્વત પરથી મોક્ષ પધારે છે ત્યારે 'અરે! ભરતક્ષેત્રમાં સાક્ષાત્ ભગવાનના વિયોગ પડ્યા' એવા વિરહવેદનથી ભરત-ચક્રવર્તીનાં નેત્રોમાંથી અશ્રુધારા વહી જાય છે. સૌધર્મેન્દ્ર કહે છે : અરે મિત્ર ભરત! આ વિલાપ શાનો! તમે પણ ચરમશરીરી છો, આ જ ભવમાં ભગવાન જેવી જ મુક્તિને પામવાના છો. ભરત ખિન્ન હૃદયે કહે છે : હે ઇન્દ્ર! સાંભળ! અમને અમારી બધી ખબર છે, આ જ ભવમાં અમારો મોક્ષ નિશ્ચિત છે, છતાં પણ, અત્યારે અમારી ભૂમિકા એવી છે જેથી, ભગવાનના વિરહના વેદનરૂપ પ્રશસ્ત રાગ આવી જાય છે. ભગવાન પ્રત્યેનો ભાવ—એ પણ શુભ રાગ છે, ધર્મ નહિ, છતાં જ્યાં સુધી વીતરાગ-દશા ન થાય ત્યાં સુધી એવો પ્રશસ્ત રાગ સમકિતીને તો શું, મુનિને પણ આવ્યા વગર રહેતો નથી; પણ છે એ બંધનું કારણ; શુભાશુભ રહિત શુદ્ધભાવ તે એક જ મોક્ષનું કારણ છે. અહીં કહે છે : ત્રિલોકીનાથ વીરપ્રભુ ભરતક્ષેત્ર છોડી ચાલ્યા ગયા, તીર્થંકરસૂર્ય અસ્ત થઈ ગયો, સાક્ષાત્ અરિહંત તીર્થંકર પરમાત્માના વિરહ પડ્યા.

'ઇંદ્રોએ ઉપરથી ઊતરીને આજ નિર્વાણમહોત્સવ ઊજવ્યો.'

પહેલા સ્વર્ગનો ઇંદ્ર સૌધર્મેન્દ્ર અને તેની ઇંદ્રાણી શચી—બંને આત્મજ્ઞાની અને એકાવતારી હોય છે. શચીનો જીવ દેવીની પર્યાયમાં ઊપજ્યો ત્યારે મિથ્યાદૃષ્ટિ હતો; કેમ કે સમ્યગ્દૃષ્ટિ જીવ સ્ત્રીપર્યાયમાં ઊપજે નહિ એવો આગમોક્ત નિયમ છે. સૌધર્મેન્દ્રને, પોતાના બે સાગરપ્રમાણ આયુષ્ય-કાળમાં, અસંખ્ય તીર્થંકરોનાં પંચ-કલ્યાણકો ઉજવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. બે સાગરમાં પાંચ ભરત ને પાંચ ઐરાવત ક્ષેત્ર વિષે અસંખ્ય તીર્થંકરો થાય નહિ, પણ પાંચ વિદેહમાં, ત્યાં તીર્થંકરોની

ઉત્પત્તિનો પ્રવાહ અતૂટ હોવાથી, થાય છે. અહા! ૩૨ લાખ વિમાનની સાહેબીવાળો અને અસંખ્ય દેવોનો લાડીલો પહેલા સ્વર્ગનો સૌધર્મેન્દ્ર અને તેની સાથે બીજા સ્વર્ગોના ઇન્દ્રો તથા અસંખ્ય દેવો વગેરેએ સ્વર્ગલોકમાંથી ઊતરીને આજે શ્રી મહાવીરપ્રભુનો નિર્વાણમહોત્સવ પાવાપુરીમાં ઊજવ્યો હતો.

'દેવોએ ઊજવેલો તે નિર્વાણકલ્યાણકમહોત્સવ કેવો દિવ્ય હશે!'

અહા! જેની ઊજવણી સ્વર્ગમાંથી આવીને દેવો અને ઇન્દ્રો કરે તે દૈવી મહોત્સવની દિવ્યતાની તો શી વાત!

'તેને અનુસરીને હજુ પણ લોકો દર વર્ષે દિવાળીદિને દીપમાળા પ્રગટાવીને દીપોત્સવીમહોત્સવ ઊજવે છે.'

દેવોએ ઊજવેલ મહાવીર-નિર્વાણમહોત્સવને અનુસરીને હજુ પણ લોકોમાં, દીપમાળા પ્રગટાવીને તથા ફટાકડા ફોડીને, દીપોત્સવીમહોત્સવ ઊજવવાની પ્રથા ચાલુ છે.

'આજે વીરપ્રભુ મોક્ષ પધાર્યા.'

આસો વદ અમાસની વહેલી પ્રભાતે એટલે કે આસો વદ ચૌદશની પાછલી રાતે આ ભરતક્ષેત્રના ચોવીસમા—ચરમ તીર્થંકર શ્રી મહાવીરભગવાન મગધદેશની પાવાપુરીથી મોક્ષ પધાર્યા.

'ગણધરદેવ શ્રી ગૌતમસ્વામી તરત જ અંતરમાં ઊંડા ઊતરી ગયા અને વીતરાગદશા પ્રાપ્ત કરી કેવળજ્ઞાનને પામ્યા.'

ગણધર શ્રી ગૌતમસ્વામી શુદ્ધોપયોગભૂમિકાને પ્રાપ્ત તો હતા જ. ભગવાનનો જ્યાં મોક્ષ થયો ત્યાં તરત જ તે અંતરમાં—સમકિતનું ધ્યેય એવા પૂર્ણાનંદ આદિ સામર્થ્યભરપૂર જ્ઞાયક ધ્રુવ ધામમાં—સ્થિરતાપરિણતિએ ઊંડા ઊતરી ગયા ને તે જ દિવસે પૂર્ણ વીતરાગદશા પ્રાપ્ત કરીને કેવળજ્ઞાન પામ્યા.

'આત્માના સ્વક્ષેત્રમાં રહીને લોકાલોકને જાણનારું આશ્ચર્યકારક, સ્વપરપ્રકાશક પ્રત્યક્ષજ્ઞાન તેમને પ્રગટ થયું, આત્માના અસંખ્ય પ્રદેશોમાં આનંદાદિ અનંત ગુણોની અનંત પૂર્ણ પર્યાયો પ્રકાશી નીકળી.'

સ્વપરનું યથાતથ પ્રકાશક સ્વાનુભૂતિ સહિત મતિશ્રુતજ્ઞાન તો તેમને પહેલેથી પ્રગટ થયું છે. આ તો પૂર્ણ જ્ઞાનની વાત છે. દ્રવ્ય અને ગુણે તો ભગવાન આત્મા ત્રણ કાળ પરિપૂર્ણ છે, પર્યાયમાં જે અધૂરાશ હતી તે વીતરાગતા ને કેવળજ્ઞાન પ્રાપ્ત

થતાં નીકળી ગઈ. આત્માનું સ્વક્ષેત્ર અસંખ્ય પ્રદેશી છે. તેમાં જ્ઞાન ને આનંદાદિ અનંત ગુણો રહેલા છે. અનંત ગુણોને રહેવા માટે અનંત પ્રદેશ હોવાની જરૂર નથી. આત્માના અસંખ્ય પ્રદેશોમાં એકસાથે રહેલા જ્ઞાન ને આનંદાદિ અનંત ગુણોની પ્રતિસમય થનારી અનંત પૂર્ણ પર્યાયો પ્રકાશી નીકળી. નીચે સમ્યગ્દર્શન થતાં 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ'—એ ન્યાયે સમ્યક્ત્વ, જ્ઞાન ને આનંદ આદિ સર્વ ગુણોની પર્યાયો પ્રકાશી નીકળી છે ખરી, પણ અંશે, અને વેદનામાં પણ થોડી; મુનિવરોને પણ પ્રગટી છે ખરી, પણ પ્રમાણમાં વિશેષ, અને વેદનમાં ઘણી પ્રચુર, અને કેવળીને તો અનંત ગુણોની અનંત પર્યાયો પ્રમાણમાં અને વેદનમાં પરિપૂર્ણપણે પ્રકાશી નીકળી છે. ગૌતમસ્વામીને, અંતરમાં ઊંડા ઊતરી જતાં, આત્માના સ્વક્ષેત્રમાં રહીને લોકાલોકને જાણનારું સ્વપરપ્રકાશક અદ્ભુત જ્ઞાન પ્રગટ થયું, આત્માના અસંખ્ય પ્રદેશોમાં અનંત ગુણોની અનંત પૂર્ણ પર્યાયો ખીલી નીકળી.

'અત્યારે આ પંચમ કાળે ભરતક્ષેત્રમાં તીર્થંકરભગવાનનો વિરહ છે, કેવળજ્ઞાની પણ નથી.'

ભરતક્ષેત્રમાં અત્યારે પાંચમો આરો વર્તી રહ્યો છે; તીર્થંકર કે સામાન્ય કેવળી થાય એવો આ કાળે યોગ નથી.

'મહાવિદેહક્ષેત્રમાં કદી તીર્થંકરનો વિરહ પડતો નથી, સદાય ધર્મકાળ વર્તે છે.'

વિદેહક્ષેત્રમાં શ્રી સીમંધરસ્વામી વગેરે ૨૦ તીર્થંકરભગવંતો તો સદાય હોય છે. ત્યાં તીર્થંકરો ને કેવળીઓનો કદી વિરહ પડતો નથી, સદાય ધર્મકાળ પ્રવર્તે છે. કુદરતનો નિયમ છે કે—છ મહિના ને આઠ સમયમાં છસો આઠ જીવ નિયમથી મોક્ષ જાય. ભરતક્ષેત્રમાંથી આ કાળે કોઈ મોક્ષ જતું નથી, તો ક્યાંથી જાય છે?—વિદેહક્ષેત્રમાંથી. ત્યાં સદાય ધર્મકાળ વર્તે છે. આપણા પંડિતજીએ—બહેનશ્રી ચંપાબેનના ભાઈ હિંમતભાઈએ, જે સમવસરણસ્તુતિ બનાવી છે તેમાં, કહ્યું છે ને!—

ધર્મકાળ અહો! વર્તે, ધર્મક્ષેત્ર વિદેહમાં;
વીસ વીસ જહાં ગર્જે, ધોરી ધર્મપ્રવર્તકા.

'આજે પણ ત્યાં ભિન્ન ભિન્ન વિભાગમાં એક એક તીર્થંકર થઈને વીશ તીર્થંકર વિદ્યમાન છે.'

જંબૂદ્વીપ, ધાતકીખંડ અને પુષ્કરાર્ધદ્વીપ—એ અઢી દ્વીપ—૪૫ લાખ યોજન-

પ્રમાણ—મનુષ્યક્ષેત્ર છે. તેમાં કુલ પાંચ વિદેહક્ષેત્ર છે. પાંચ મેરુની પૂર્વ-પશ્ચિમ દિશાએ સ્થિત દરેક વિદેહક્ષેત્રના સોળ-સોળ 'વિજય' (દેશો) છે. એ રીતે વિદેહક્ષેત્રના કુલ ૧૬૦ વિભાગ છે. આજે પણ ત્યાં જુદા જુદા વિભાગમાં એક એક તીર્થંકર થઈને વીસ તીર્થંકર વિદ્યમાન છે. વિદેહક્ષેત્રમાં ૨૦ તીર્થંકર તો સદાય હોય છે; પણ કોઈ વખતે દરેક વિભાગમાં તીર્થંકર થાય તો એકસાથે કુલ ૧૬૦ તીર્થંકર પણ હોય છે.

'હાલમાં વિદેહક્ષેત્રના પુષ્કલાવતીવિજયમાં શ્રી સીમંધરનાથ વિચરી રહ્યા છે અને સમવસરણમાં બિરાજી દિવ્યધ્વનિના ધોધ વરસાવી રહ્યા છે.'

જંબૂદ્વીપના પૂર્વવિદેહક્ષેત્રના પુષ્કલાવતીવિજયમાં શ્રી સીમંધરભગવાન હાલમાં બિરાજે છે; પરમૌદારિક શરીર છે, ૫૦૦ ધનુષ (૨૦૦૦ હાથ) ઊંચું દેહમાન છે, એક કરોડ પૂર્વનું આયુષ્ય છે (૭૦ લાખ ને ૫૬ હજાર કરોડ વર્ષનું એક પૂર્વ થાય). કેવળજ્ઞાન આદિ અનંત ચતુષ્ટયના ધારક ભગવાન સમવસરણમાં બિરાજી દિવ્યધ્વનિના ધોધ વરસાવી રહ્યા છે. ભગવાનની ધર્મદેશના 'ૐ' કાર દિવ્યધ્વનિમય હોય છે, તેમને આપણા જેવી ક્રમે નીકળનારી ભાષા ન હોય, હોઠ બંધ હોય; આખા શરીરમાંથી 'ૐ' ધ્વનિનો મધુરો નાદ ઊઠે, ને તેમનો એવો અતિશય હોય છે જેથી સભાજનો સૌ પોતપોતાની ભાષામાં દેશનાનો ભાવ સમજી જાય.

ૐકાર ધુનિ સુનિ અર્થ ગણધર વિચારૈ,
રચિ આગમ ઉપદિશૈ ભવિક જીવ સંશય નિવારૈ.

'એ રીતે અન્ય વિભાગોમાં અન્ય તીર્થંકરભગવંતો વિચરી રહ્યા છે.'

અરેરે! માણસને વિશ્વાસ ક્યાં છે? બીજા વિજયમાં પણ હાલ તીર્થંકર છે. શ્રી સીમંધર વગેરે વીસ નામવાળા તીર્થંકરભગવાન વિદેહક્ષેત્રમાં (કાળપ્રવાહમાં નવા નવા થઈને) સદાય હોય છે. જગતને વિષે ત્રણે કાળે ત્રણે લોકને (લોકાલોક સર્વને) જાણનાર સર્વજ્ઞ વીતરાગ અરિહંત પરમાત્માનો કોઈ દી વિરહ હોય નહિ. જગતમાં જો 'જ્ઞેય' સદાય છે તો તેને પૂર્ણપણે જાણનાર અને જાણીને દિવ્યધ્વનિ દ્વારા બતાવનાર સશરીર પરમાત્મા પણ સદા હોય જ, તેનો વિરહ કદી હોઈ શકે નહિ. ભલે ભરતક્ષેત્રમાં હાલ તીર્થંકર નથી, પણ વિદેહક્ષેત્રમાં તો સદા હોય છે; કેમકે ત્યાં સદા ધર્મકાળ વર્તે છે.

'જોકે વીરભગવાન નિર્વાણ પધાર્યા છે તોપણ આ પંચમકાળમાં આ ભરતક્ષેત્રે વીરભગવાનનું શાસન પ્રવર્તી રહ્યું છે. તેમનો ઉપકાર વર્તી રહ્યો છે.'

[ અનુસંધાન પેજ ૧૭ ઉપર ]

ગુરુ-ફ્હાન : અધ્યાત્મમંથન મહાન

# ક્રમબદ્ધનો સ્વીકાર : પુરુષાર્થનો ઉપાડ

[ શ્રી સમયસાર ગાથા ૩૦૮–૩૧૧ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

[ પ્રવચન નં. ૧ ]

ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત એ તો સર્વ આગમના મંથનનો સાર છે. આ વાત અહીંથી (—પૂજ્ય ગુરુદેવથી) બહાર આવી છે. એ પહેલાં આ વાત હિન્દુસ્તાનમાં કયાંય ન હતી. ક્રમબદ્ધ એ પરમ સત્ય છે. જે કાળે જે થવાનું છે તે જ થશે; તેને ઇન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ ફેરવવા સમર્થ નથી. ક્રમબદ્ધમાં અકર્તાપણું સિદ્ધ કરે છે. આના સંસ્કાર પાડયા હશે તે સ્વર્ગમાં જશે ને ત્યાંથી સમકિત પામશે.

—પૂજ્ય ગુરુદેવ

* આ (—શ્રી સમયસાર ગાથા ૩૦૮) બહુ સરસ ગાથા છે. આ ગાથા મોક્ષ અધિકારની ચૂલિકા છે. અહીં આચાર્યદેવ આત્માનું અકર્તાપણું બતાવે છે. અકર્તાપણું એટલે કે જ્ઞાયક-સ્વભાવની સિદ્ધિ ક્રમબદ્ધ દ્વારા કરી છે. એક પછી એક થાય ને જે સમયે જે પર્યાય થવાની છે તે જ થાય તેનું નામ ક્રમબદ્ધ છે. દરેક દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની છે તે જ થાય છે એટલે કે તેને અન્ય દ્રવ્ય તો કરતું નથી પણ તે પર્યાયને તે દ્રવ્ય પણ આઘી–પાછી કરી શકે—ફેરફાર કરી શકે એમ પણ નથી. ક્રમબદ્ધ તો મહાસિદ્ધાંત છે. ક્રમબદ્ધનો સાચો નિર્ણય કરવા જાય ત્યાં દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર જાય છે, અને ત્યારે જ ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય થાય છે. ક્રમબદ્ધપર્યાયના આશ્રયે

ક્રમબદ્ધનો નિર્ણય નહિ થાય. અકર્તાસ્વભાવની દૃષ્ટિ કરવાથી ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય થાય છે. માટે ક્રમબદ્ધના નિર્ણયમાં પુરુષાર્થનો નિષેધ થઈ જતો નથી પણ ક્રમબદ્ધના નિર્ણયમાં દ્રવ્યસ્વભાવનો અનંતો પુરુષાર્થ છે. અકર્તાપણું એ નાસ્તિનું કથન છે ક્રમબદ્ધ દ્વારા જ્ઞાયકસ્વભાવની અહીં સિદ્ધિ કરવામાં આવી છે.

છ કારકોના ભેદરહિત એવું શુદ્ધ તત્ત્વ સર્વવિશુદ્ધજ્ઞાન છે. આ અધિકાર અલૌકિક છે.

સર્વ વિશુદ્ધ સુજ્ઞાનમય સદા આત્મારામ,
પરને કરે ન ભોગવે જાણે જપિ તસુ નામ.

જ્ઞાનમય આત્મા છે, તે ત્રણે કાળે એક જ સ્વરૂપે છે. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોમાં દ્રવ્યદૃષ્ટિએ બધા આત્મા એકરૂપ છે. પહેલેથી ચૌદમા ગુણસ્થાનક સુધીમાં પર્યાયને ગૌણ કરી, વ્યવહાર કહી, અભૂતાર્થ કહીને ત્રિકાળ શુદ્ધ જીવને એકરૂપ કહ્યો છે. આ આત્મા સર્વ વિશુદ્ધ સદા આત્મારામ છે. જડને કરે કે ભોગવે એવો સ્વભાવ તો નથી, પણ વ્યવહાર દયા-દાનાદિના પરિણામને કરે કે ભોગવે એવો આત્માનો સ્વભાવ છે જ નહિ. અહીં પર્યાયને ગૌણ કરી સ્વભાવની વાત કરે છે. જે જાણવાવાળો છે તે કરે નહિ અને ભોગવે નહિ. અજ્ઞાની માત્ર મિથ્યાભ્રાંતિને કરે છે. રાગનું, પુણ્યનું લોક-અલોકનું જેવું સ્વરૂપ છે—એવું આત્મા જાણે ખરો! પણ કોઈના સ્વરૂપને કરે કે ભોગવે એવો તેનો સ્વભાવ નથી.

પ્રથમ ટીકાકાર આચાર્યદેવ કહે છે કે હવે સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે. મોક્ષતત્ત્વનો સ્વાંગ નીકળી ગયા પછી સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે.

અહીં નાટકની ઉપમા આપી છે. અબજ વરસ સુધીના કોઈ રાજાનું નાટક બતાવવું હોય તો ચાર કલાકમાં બતાવી દે. તેમ અનાદિ અનંત જીવના સ્વરૂપનું નાટક અહીં ૪૧૫ ગાથમાં આચાર્ય ભગવાન બતાવી દે છે. મોક્ષતત્ત્વનો સ્વાંગ નીકળી ગયા પછી સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે. રંગભૂમિમાં જીવ-અજીવનું વર્ણન આવ્યું હતું. પછી કર્તા-કર્મ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એ આઠ સ્વાંગ આવ્યા. તેમનું પરિણમન કેવું છે તે બતાવ્યું અને તેઓ નીકળી ગયા.

હવે તે સર્વ સ્વાંગો દૂર થયે એકાકાર સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે. ત્યાં પ્રથમ જ મંગળરૂપે જ્ઞાનપૂંજ આત્માના મહિમાનું કાવ્ય કહે છે. આ માંગલિકના માણેક-સ્તંભ નાંખે છે.

અનાદિકાળથી અજ્ઞાની રાગને ઉત્પન્ન કરું અને તેને નાશ કરું એવી પર્યાય-બુદ્ધિ કરી કર્તા-ભોક્તા થતો હતો. હવે સ્વભાવ-સન્મુખ થઈ કર્તા-ભોક્તાનો નાશ કરી પદે પદે શુદ્ધ થાય છે. આત્મા જાણનાર છે, રાગને ઉત્પન્ન કરું કે વ્યય કરું એ સ્વરૂપમાં નથી, આત્મા જ્ઞાયક જ્યોત છે—તેવી દૃષ્ટિ થઈ છે તે બંધ-મોક્ષની રચનાથી દૂર વર્તે છે. હું વ્યવહારને ઉત્પન્ન કરું અને તેનો નાશ કરું એ સ્વભાવની દૃષ્ટિમાં નથી. પહેલો શુભરાગ કરું અને એ વડે નિશ્ચયને રચું એમ અજ્ઞાની માને છે. અહીં કહે છે કે વ્યવહારને રચવાં કે વ્યવહારનો નાશ કરવો તે મારા સ્વભાવમાં નથી. આત્મા જ્ઞાનનો પૂંજ છે. જડકર્મનું તેમ જ રાગનું આવરણ નથી—એવો આત્મા શુદ્ધ છે. વળી જેનું પવિત્ર અચળ તેજ છે, એકલો નિર્મળ નિર્વિકારી અચળ તેજ છે—એવા એકલા જ્ઞાન રસના ફેલાવથી ભરપૂર છે. જે જ્ઞાન રાગને ચેતતું હતું અને તેમાં અટકતું હતું તે હવે અટકવું છોડી જ્ઞાન જ્ઞાનમાં અટકવા માંડયું તે નિજ શક્તિના ફેલાવથી ભરપૂર છે. રાગથી અને બંધ મોક્ષની રચનાથી આત્મા ખાલી છે અને નિજ સ્વભાવથી ભરપૂર છે. આમ પવિત્ર અચળ જ્યોતિ પ્રકાશે છે, તેને પરનું કે રાગનું અવલંબન નથી. વળી તેનો મહિમા એવો ને એવો ટંકોત્કીર્ણ છે. ભગવાન ચૈતન્યજ્ઞાનસ્વભાવી સૂર્ય આઠે કર્મથી, રાગ-દ્વેષના કરવાથી અને તેના નાશ કરવાથી દૂર છે—એવો જ્ઞાનપૂંજ આત્મા પર્યાયમાં પ્રગટ થાય છે.

આત્મા જ્ઞાનનો પિંડ છે તે જડનો કર્તા-ભોક્તા નથી. જ્ઞાનસ્વરૂપ આત્મા છે, તે સમ્યગ્દર્શનનો વિષય છે. આત્મામાં પરવસ્તુનું કર્તા-ભોક્તાપણું તો છે જ નહિ, પરંતુ રાગનો ઉત્પાદ કરું કે વ્યય કરું અથવા સ્વભાવને ઉત્પન્ન કરું એ પણ જ્ઞાન સ્વભાવમાં નથી. અબંધ-સ્વભાવની દૃષ્ટિ અને સ્થિરતા કરતાં મોક્ષનો ઉત્પાદ થઈ જાય છે અને બંધનો અભાવ થઈ જાય છે. વળી પરદ્રવ્ય અને પરદ્રવ્યના સર્વ ભાવોથી રહિત હોવાથી જીવ શુદ્ધ છે. પોતાના જ્ઞાન-આનંદ રસના વહેતાં પ્રવાહથી પૂર્ણ દેદીપ્યમાન જ્યોતિરૂપ છે અને ટંકોત્કીર્ણ મહિમાવાળો છે—એવો જ્ઞાનપૂંજ આત્મા પ્રગટ થાય છે.

હવે સર્વવિશુદ્ધજ્ઞાનને પ્રગટ કરે છે. તેમાં પ્રથમ આત્મા કર્તા-ભોક્તાભાવથી રહિત છે એવા અર્થનો અને આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક કહે છે.

"કર્તાપણું આ ચિત્સ્વરૂપ આત્માનો સ્વભાવ નથી, જેમ ભોક્તાપણું સ્વભાવ નથી. અજ્ઞાનથી જ તે કર્તા છે, અજ્ઞાનનો અભાવ થતાં અકર્તા છે."

ભગવાન આત્મા અનાદિ અનંત એકરૂપ છે. પરમાં ફેરફાર કરવો તે આત્માનો સ્વભાવ નથી. અજ્ઞાનથી જ તે કર્તા છે. જ્ઞાનાનંદ સ્વભાવને ભૂલેલો જીવ વિકારને કરું અને ભોગવું એમ માને છે. અજ્ઞાનનો અભાવ થતાં અકર્તા છે.

હવે આત્માનું અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહે છે.

જે દ્રવ્ય ઊપજે જે ગુણોથી તેથી જાણ અનન્ય તે,
જયમ જગતમાં કટકાદિ પર્યાયોથી કનક અનન્ય છે. ૩૦૮.
જીવ-અજીવના પરિણામ જે દર્શાવિયા સૂત્રો મહીં,
તે જીવ અગર અજીવ જાણ અનન્ય તે પરિણામથી. ૩૦૯.
ઊપજે ન આત્મા કોઈથી તેથી ન આત્મા કાર્ય છે,
ઉપજાવતો નથી કોઈને તેથી ન કારણ પણ ઠરે. ૩૧૦.
રે! કર્મ-આશ્રિત હોય કર્તા, કર્મ પણ કર્તા તણે,
આશ્રિતપણે ઊપજે નિયમથી, સિદ્ધિ નવ બીજી દીસે. ૩૧૧.

અન્વયાર્થ:—જે દ્રવ્ય જે ગુણોથી ઊપજે છે તે ગુણોથી તેને અનન્ય જાણ; જેમ જગતમાં કડાં આદિ પર્યાયોથી સુવર્ણ અનન્ય છે તેમ. જીવ અને અજીવના જે પરિણામો સૂત્રમાં દર્શાવ્યાં છે તે પરિણામોથી તે જીવ અથવા અજીવને અનન્ય જાણ. કારણ કે કોઈથી ઉત્પન્ન થયો નથી તેથી તે આત્મા કોઈનું કાર્ય નથી, અને કોઈને ઉપજાવતો નથી તેથી તે કોઈનું કારણ પણ નથી. નિયમથી કર્મના આશ્રયે (—કર્મને અવલંબીને) કર્તા હોય છે; તેમ જ કર્તાના આશ્રયે કર્મો ઉત્પન્ન થાય છે; બીજી કોઈ રીતે કર્તા-કર્મની સિદ્ધિ જોવામાં આવતી નથી.

આ ગાથા અલૌકિક છે, તેમાં જૈન દર્શનનું રહસ્ય છે. આત્માનો જ્ઞાન સ્વભાવ છે, તે શું કરે? તે જાણવા-દેખવાનું કાર્ય કરે, પણ તે રજકણને હલાવે નહિ અને રાગને ઉત્પન્ન કરે નહિ. પરંતુ કે રાગનું કર્તાપણું આત્માને નથી. જ્ઞાયક આત્મા સમ્યગ્દર્શનનો વિષય છે. આત્માનો અને જડનો પર્યાય જે સમયે જે થવાનો તે જ થવાનો. અમારે મુદ્દાની રકમ એ કહેવી છે કે એકેન્દ્રિયથી માંડીને સિદ્ધ સુધીના બધા જીવોની ક્રમે અને નિયમથી જે પર્યાય થવાની તે જ થવાની. તે તે પર્યાયનો કાળ નિશ્ચિત્ છે. એક સમય પહેલાં ન થાય કે એક સમય પછી ન થાય. ભવિતવ્ય

અને કાળ એક સમયે છે. અનંતા જીવોમાં ક્રમે અને નિયમિત અવસ્થા થાય છે, આ નિયત છે. ગોમ્મટસારમાં જે નિયતની ગાથા કહેલ છે તે નિયતની સાથે રહેલા સત્ય પુરુષાર્થને નહિ સ્વીકારનાર એવા એકાંત મિથ્યાદૃષ્ટિની વાત છે. અહીં સમયસારમાં જે નિયત કહેલ છે તે સમ્યગ્દૃષ્ટિની વાત છે. સ્વ સિવાય અનંતા પર પદાર્થો તેના સમયે ક્રમે નિશ્ચિત પરિણમે છે અને પોતામાં પણ રાગ ક્રમે થાય છે એવો નિર્ણય જ્ઞાનસ્વભાવના આશ્રયે કર્યો, તે જ સ્વ કાળલબ્ધિ છે, અને તે વખતે કર્મનો ઉપશમાદિ તે જ પ્રમાણે થવાનો હતો તે થયો છે. સર્વજ્ઞ ભગવાને જેમ દીઠું છે તેમ જડ ને ચેતનના પરિણામો થાય છે. છતાં તેમણે દીઠું છે તેથી છયે દ્રવ્યમાં તેવાં પરિણામો થાય છે એમ નથી. દરેક પદાર્થ પોતાના કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ એવા છ કારકોપણે પરિણમે છે, એનો પર્યાયક્રમ જ એવો છે. છયે દ્રવ્યો પોતાની પર્યાયને સ્વકાળે પ્રગટ કરતાં તેને પહોંચી વળે છે. સમયસારની બીજી ગાથામાં જીવ, સહવર્તી અને ક્રમવર્તી પર્યાયનો પિંડ છે એમ જણાવી ક્રમબદ્ધ પરિણામોની વાત કરી છે, ત્યારપછી અજીવ અધિકારની ગાથા ૬૨માં કહ્યું છે કે સ્પર્શ, રસ, ગંધ, વર્ણમાં અનુક્રમે આવિર્ભાવ થાય છે—એમ જણાવી ક્રમબદ્ધની વાત જીવ-અજીવ અધિકારમાં કરી છે. જે શ્રોતા પાત્ર થઈ પોતાના આત્મા માટે આ વાત સમજવા માગે તેને આ વાત સમજાય તેમ છે, અને આ વાત સાંભળીને ઊંધા જીવો પોતાની ઊંધાઈથી ઊંધાપણે પડે છે. અજ્ઞાની ક્રમબદ્ધની વાતની ઓથ લઈને ઊંધો પડે છે. જેનામાં પાત્રતા નથી તેવા માટે આ વાત નથી.

પર્યાય ક્રમબદ્ધ થાય છે. નિયમિત-નિશ્ચિત છે એમ કોણે જાણ્યું ? સર્વજ્ઞે પોતાના જ્ઞાનમાં જાણ્યું તથા આત્માએ પણ પોતાના જ્ઞાનમાં સ્વ-સન્મુખ થઈ જાણ્યું કે હું જાણનાર છું પણ પરનો ફેરફાર કરનાર નથી. તેને પોતાના જ્ઞાનનો, કેવળજ્ઞાનીનો અને ક્રમબદ્ધપર્યાયનો યથાર્થ નિર્ણય થાય છે. જે જીવ પરનો તથા રાગનો અકર્તા થઈ પોતાના જ્ઞાયક સ્વભાવ તરફ વળે તેને ક્રમબદ્ધપર્યાયનો યથાર્થ નિર્ણય પોતાના સ્વભાવ તરફ પુરુષાર્થ વળતાં થાય છે અને એ રીતે તેને સ્વભાવ, પુરુષાર્થ, કાળલબ્ધિ, નિયત અને કર્મનો અભાવ એ પાંચે સમવાય ( એ પાંચનો સમૂહ ) એકી સાથે હોય છે. ગોમ્મટસારમાં જે એકાંત નિયતવાદ કહ્યો છે તે સ્વછંદી જીવની વાત છે. જેને જ્ઞાન સ્વભાવ અંતરમાં બેઠો નથી, રાગને જ્ઞેય કરેલ નથી, જ્ઞાન સ્વભાવથી સમાધાન કરેલ નથી અને પરના કર્તાપણાના ઉછાળા બેઠા નથી, તેવા અજ્ઞાની જીવો 'થવાનું હશે તેમ થશે'—એમ માત્ર બકે છે, તે ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે.

પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય—એક સમયના પરિણામનાં ત્રણ લક્ષણ ગાથા

૭૬ થી કહ્યાં છે, તેમાં જે સમયે જે પર્યાય થવાનો તેને જ દ્રવ્ય પહોંચી વળે છે, તે પ્રાપ્ય છે, તે પણ ક્રમબદ્ધપર્યાયનો નિયમ જણાવે છે. અહીં સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં પણ એ કહ્યું છે. આત્માનો પરમભાવ જ્ઞાન છે. જ્ઞાયક શું કરે? જે છે, હોય, જાય, થાય, તેને જાણે. જાણવાની ક્રિયા જ્ઞાયકની છે—આવો રાગ લાવું કે પરની ક્રિયા કરું એવું જ્ઞાયકભાવની બુદ્ધિમાં છે જ નહીં. અમુક રાગ લાવું કે પરની ક્રિયા કરું એવી બુદ્ધિમાં જ્ઞાયકભાવની બુદ્ધિ નથી.

ક્રમબદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયનો ધર્મ છે. દ્રવ્ય તે સમયે તે જ પર્યાયને દ્રવે, ગુણની પર્યાય તે સમયે તે જ હોય અને પર્યાય પણ તે સમયે તે જ હોય એમાં ફેરફાર કરવાનું જે માને તેને સર્વજ્ઞની શ્રદ્ધા નથી. ક્રમબદ્ધની શ્રદ્ધા નથી કે છ દ્રવ્યની શ્રદ્ધા નથી.

કોઈ કહે કે બુદ્ધિપૂર્વક અક્રમે થાય અને અબુદ્ધિપૂર્વક રાગ ક્રમબદ્ધ થાય તો તે વાત તત્ત્વથી વિરૂદ્ધ છે. જે પ્રકારે જે રાગનો પર્યાય બુદ્ધિપૂર્વક કે અબુદ્ધિપૂર્વક જેટલો, જેવો અને જેમ થવાનો તે જ થવાનો છે, તેનો ક્રમબદ્ધ પ્રવાહ છે—આવા પ્રવાહક્રમને જાણનાર આત્મા છે એમ યથાર્થ જાણતાં અનંતા પરપદાર્થના કર્તાપણાનું અભિમાન ઊડી જાય છે. મેં શરીર ચલાવ્યું, મેં આને સમજાવ્યો, મેં આને રાખ્યો વગેરે પ્રકારના બધા વિપરીત અભિપ્રાયનો ભૂકો ત્યાં ઊડી જાય છે. આ ગાથાની સંસ્કૃત ટીકામાં નીચેના શબ્દો છે.

जीवो हि तावत् क्रम नियमित आत्मपरिणामैः उत्पद्यमानो जीव ।— તેમાં क्रम અને नियमित એ બે ખાસ મહત્ત્વનાં શબ્દો છે. જીવ પોતામાં ક્રમે અને નિશ્ચિતરૂપે પોતાના પરિણામોથી ઊપજે છે. જે સમયે જે ઉત્પાદ સત્ છે, તે સમયે તે જ ઉત્પાદ થાય છે. આવો વસ્તુનો સ્વભાવ જે જાણે તેને મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો નાશ થાય, તેને સ્વચ્છંદતાનો નાશ થાય અને સ્વતંત્રતાનો ઉત્પાદ થાય છે.—ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થતાં કાળ અને ભવિતવ્યનો નિર્ણય તેમાં આવી જાય છે. શ્રી બનારસીદાસે "એકમાં અનેક ખોજે"—એમ શ્રી સમયસાર નાટકમાં કહ્યું છે, ત્યાં પણ આ જ કહ્યું છે. જેને વ્યવહાર, સરળતા અને સજ્જનતાનાં ઠેકાણા નથી. તે એમ કહે છે કે જેમ બનવાનું હશે તેમ બનશે, તો તે સ્વચ્છંદી છે, તે ક્રમબદ્ધપર્યાયના બહાનાથી પોતાના અનંત સંસારનું પોષણ કરી રહ્યો છે. જો જીવ પાત્રતા અને સજ્જનતા લાવી આ વાત સાંભળે તો તેમાં બધા ખુલાસા આવી જાય છે. રાગ આવે તો ધર્મ થાય—એમ માનનારને રાગને જાણનારની શ્રદ્ધા નથી. નિમિત્ત આવે તો ઉપાદાનમાં કાર્ય થાય એમ માનનારને નિમિત્તના ક્રમને અને પોતાના

ક્રમને જાણનાર જ્ઞાયકભાવની ખબર નથી. આ વાત જેને બેસે તેને પરના અને રાગના ઉછાળા બેસી જાય છે. આચાર્યદેવે આ વાત દીવા જેવી સ્પષ્ટ કરી છે. અનંતા પર પદાર્થમાં પર્યાય ક્રમસર થાય છે, અને મારામાં પણ ક્રમસર પર્યાય થાય છે—એમ નિર્ણય થતાં પરના તથા રાગના કર્તાપણાની બુદ્ધિ છૂટી જાય છે અને જ્ઞાયકભાવનો નિર્ણય થાય છે. પ્રભુ! તારી પ્રભુતામય, તારું મંદિર તારામાં છે. તારો ગ્રાહકભાવ તે જ્ઞાયકભાવ છે. જીવ અનાદિનો જ્ઞાયકભાવે રહ્યો છે છતાં અન્યથા અધ્યવસિત થયો છે—એમ પ્રવચનસારમાં કહ્યું છે. આનું આમ કરું, આને આમ લાવું એમ અન્યથા માની મોહને ઉત્પન્ન કરે છે.

વળી કોઈ કહે કે—"શરીરમાં પરમાણુ આવે તે ક્રમબદ્ધ છે, પણ શરીરને ઇચ્છાથી ચલાવીએ તે અક્રમ છે. વળી બુદ્ધિપૂર્વક રાગ-દ્વેષ અક્રમે થાય છે તથા તેના નિમિત્તે બંધાતાં કર્મો પણ અક્રમે છે ને અબુદ્ધિપૂર્વક રાગ-દ્વેષ તથા તેના નિમિત્તે બંધાતા કર્મો ક્રમબદ્ધ છે." તો તે બધી ખોટી વાત છે. તેવા જીવને જ્ઞાયકભાવની તેમજ જ્ઞેયની યથાર્થ શ્રદ્ધા નથી. વળી કોઈ કહે કે—"જે સંપ્રદાયમાં હોઈએ અને ત્યાં જે ગુરુ મળ્યા હોય તેને આપણે છોડવા નહીં. છોડવામાં ઉતાવળ ન કરવી. ઉતાવળ એટલી કચાશ અને કચાશ એટલી વિપરીતતા. કુદરતના નિયમમાં એવું આવ્યું છે માટે ઉતાવળ ન કરવી"—તો તે પણ ખોટી વાત છે. જેને કુદેવાદિની શ્રદ્ધા છે, તેને કેવળજ્ઞાનીની સાચી શ્રદ્ધા હોય જ નહિ.

જીવના પરિણામ નિયમિત સ્વકાળે થાય છે. પર્યાયનો તે સ્વકાળ હોવાથી તે રૂપે જીવ ઊપજે છે. ગાથામાં 'ગુણ' શબ્દ છે તેનો અર્થ અહીં પર્યાય સમજવો. જીવનો પરમ પારિણામિક ભાવ તે જ્ઞાયકભાવ છે, માટે સ્વ-પરના જ્ઞાયકપણે રહેવું એ તેનો સ્વભાવ છે.

કોઈ કહે કે નિમિત્ત આવે તો ઉપાદાનમાં કાર્ય થાય અને ન આવે તો કાર્ય ન થાય. તો ભાઈ! તે વાત ખોટી છે. તે જીવ ક્રમબદ્ધના નિયમને સમજતો નથી, અને કેવળીને કે આત્માને પણ સમજતો નથી.

વળી કોઈ કહે કે તો પછી અમારે અશુભભાવ ટાળવો નહિ ને? ભાઈ, જે અશુભભાવ ઉત્પન્ન થયો તેને શું ટાળવો? આત્મા તો જાણનાર છે. જે પર્યાય થાય તેને જાણવાનો તેનો સ્વભાવ છે. આ નિર્ણય થતાં, પુરુષાર્થથી પહેલાં નિમિત્ત અને રાગમાં ફેરફાર કરવા માગતો હતો, તે પુરુષાર્થ હવે જાણનાર તરફ વળ્યો. ક્રમબદ્ધપર્યાયનો યથાર્થ નિર્ણય થતાં સાધકજીવને અધીરજ નથી, ઉતાવળ નથી તેમ

જ પ્રમાદ પણ નથી. પોતે જાણનાર રહેતાં જ્ઞાન અધિકપણે પરિણમવા લાગ્યું ને રાગ ગૌણ થઈ ગયો. ભૂતાર્થ સ્વભાવની દૃષ્ટિ થતાં રાગનો અને પરનો અકર્તા થયો પણ સ્વભાવનો કર્તા થયો. પ્રવચનસાર ગાથા ૯૯માં કહ્યું છે કે "સ્વભાવમાં અવસ્થિત હોવાથી દ્રવ્ય સત્ છે. દ્રવ્યનો જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સહિત પરિણામ તે પદાર્થોનો સ્વભાવ છે." એ ગાથામાં પણ આચાર્યદેવ દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ થાય છે એમ કહે છે એટલે કે જે સમયે જે પર્યાય થવાની તે સમયે તે જ પર્યાય થવાની પણ આઘી-પાછી, વહેલી-મોડી થવાની નહીં. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સત્ છે. એક સમયમાં ત્રણ હોવાં છતાં ત્રણેના લક્ષણ જુદાં છે—એક લક્ષણે એક ઓળખાય, જે ક્રમબદ્ધપર્યાય થયો તે ઉત્પાદ હોવાથી ઉત્પાદના લક્ષણથી લક્ષિત છે, વ્યય વ્યયના લક્ષણથી ને ધ્રુવ ધ્રુવના લક્ષણથી લક્ષિત છે. જે સમયે જે પર્યાય જેવી થવાની છે તે જ થાય છે, તે નિશ્ચિત છે—એમ કોણ નિર્ણય કરે? સ્વ-સન્મુખ થયેલું જ્ઞાન નિર્ણય કરે. આ પુરુષાર્થ જ્ઞાયક સ્વભાવવાનો છે. તે સમયે જે પર્યાય થયો તે જ કાળલબ્ધિ છે અને તે જ ભવિતવ્ય અથવા નિયત છે અને તે કાળે કર્મના ક્રમબદ્ધમાં કર્મનો અભાવ થયો છે. આમ પાંચે સમવાય એકી સાથે હોય છે. જીવે નિર્ણય કર્યો માટે કર્મનો ઉપશમાદિ થયો—એમ નથી. શાસ્ત્રમાં અનેક કથન આવે, કર્મનું સંક્રમણ થાય, સ્થિતિ રસનું વધવું-ઘટવું થાય વગેરે લખાણ આવે, પણ તે બધું ક્રમે જ થાય છે એમ તેનો આશય સમજવો. બધામાં એક જ નિયમ છે. એ નિયમ સમજ્યા વિના સંસારનો આરો આવે તેમ નથી. શુભરાગ કરે તો શાતા વેદનીય બંધાય અને અશુભથી શાતા વેદનીય પલટી જાય તે બધાં નિમિત્તના કથન છે. કર્મની પર્યાય થવાની નહોતી ને થઈ છે—એમ નથી. તેવી જ કર્મની અવસ્થા થવાની હતી તે નિશ્ચિત હતી. આત્મા મહાસત્તાનો જાણનાર છે, તેમ જ રાગાદિની તથા પરની જે પર્યાય થઈ તે અવાન્તર સત્તાનો પણ જાણનાર છે. આત્મા ચૈતન્ય સંપદાની ઋદ્ધિથી ભરપૂર છે. પરદ્રવ્યની જે પર્યાય થાય તેને તથા પોતાના જ્ઞાનને જ એક સમયે જાણે એવો ચૈતન્ય ચમત્કાર છે.

અનંતા જીવોની પર્યાય પણ ક્રમબદ્ધ છે તો કઈ પર્યાયને ફેરવાશે? ક્રમબદ્ધને જે માનતો નથી તે પરમાં ફેરફાર કરવા માગે છે, ને તેથી સ્વયં દુઃખી થાય છે. બધું સુનિશ્ચિત છે. અજ્ઞાની કહે છે કે આવું નિમિત્ત હોય તો આમ થાય, પણ ભાઈ, વસ્તુ વ્યવસ્થિત છે કે અવ્યવસ્થિત? જો અવ્યવસ્થિત માનવામાં આવે તો કેવળજ્ઞાન ઊડી જાય છે અને વ્યવસ્થિત છે એમ માનવામાં આવે તો પરના કર્તાપણાનું અભિમાન ઊડી જાય છે. માટે દરેક પર્યાય વ્યવસ્થિત છે એમ નિર્ણય કરવો.

[ ક્રમશઃ ]

[ દીપાવલીપર્વ... અનુસંધાન પેજ ૮નું ચાલુ ]

વીરભગવાન અત્યારે 'ણમો સિદ્ધ'—અશરીરી સિદ્ધ પરમાત્માપણે લોકાગ્રે બિરાજે છે, તોપણ આ ભરતક્ષેત્રમાં હાલ તેમનું શાસન પ્રવર્તી રહ્યું છે.

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी ।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम् ॥

શાસનનાયક વીતરાગ સર્વજ્ઞ શ્રી મહાવીરભગવાનનો ઉપકાર અત્યારે આ ભરતક્ષેત્રમાં વર્તી રહ્યો છે.

'વીરપ્રભુના શાસનમાં અનેક સમર્થ આચાર્યભગવંતો થયા જેમણે વીરભગવાનની વાણીનાં રહસ્યને વિધવિધ પ્રકારે શાસ્ત્રોમાં ભરી દીધાં છે.'

મહાવીરભગવાનના શાસનમાં અનેક જ્ઞાન-તપ-ઋદ્ધિધારી સમર્થ દિગંબર સંતો—આચાર્યભગવંતો થયા. બે હજાર વર્ષ પહેલાં સનાતન દિગંબર જૈનના શ્રમણ-ધર્મથી ભ્રષ્ટ થઈને વસ્ત્રપાત્રધારી જે બીજો પંથ નીકળ્યો છે તે ખરેખર વીરપ્રભુનો માર્ગ નથી. સૂત્રપાહુડમાં ભગવત્કુંદકુંદાચાર્યદેવે તેમને ઉન્માર્ગી કહ્યા છે:—

નહિ વસ્ત્રધર સિદ્ધિ લહે, તે હોય તીર્થંકર ભલે;
બસ નગ્ન મુક્તિમાર્ગ છે, બાકી બધા ઉન્માર્ગ છે.

સાચા ભાવલિંગી આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ તો શુદ્ધોપયોગભૂમિકાને પ્રાપ્ત હોય છે. ષટ્ખંડાગમની ધવલા ટીકામાં 'णमो लोए सव्व साहूणं' માં જે 'लोए' અને 'सव्व' શબ્દ છે તે અંતદીપક હોવાથી આગળના ચારેય પદમાં લાગુ પડે છે—એમ કહ્યું છે. અને તેની ટીકા કરતાં કહ્યું છે : લોકને વિષે ત્રિકાળવર્તી સર્વ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓને નમસ્કાર હો. શ્રેણિકરાજા ભાવી-તીર્થંકર છે, અત્યારે ૮૪૦૦૦ વર્ષની સ્થિતિએ પહેલી નરકમાં છે. ત્યાંથી નીકળીને જંબૂદ્વીપના આ ભરતક્ષેત્રની આવતી ચોવીસીના પહેલા તીર્થંકર થવાના છે. તેમના ભાવી અરિહંતપણાને અત્યારથી નમસ્કાર થઈ શકે છે.

વીરપ્રભુના શાસનમાં શુદ્ધોપયોગભૂમિકાને પ્રાપ્ત અનેક મહાસમર્થ આચાર્ય-ભગવંતો થયા, જેમણે વીરભગવાનની વાણીનાં રહસ્યને વિધવિધ પ્રકારે અનેક શાસ્ત્રોમાં ભરી દીધાં છે.

'શ્રી કુંદકુંદાદિ સમર્થ આચાર્યભગવંતોએ દિવ્યધ્વનિનાં ઊંડાં રહસ્યોથી ભરપૂર પરમાગમો રચી મુક્તિમાર્ગ અદ્‌ભુત રીતે પ્રકાશ્યો છે.'

શ્રી કુંદકુંદની સાથે જે 'આદિ' શબ્દ છે તેમાંથી દિગંબર ભાવલિંગી સંતો

લેવા, અન્ય વસ્ત્રપાત્રધારી નહિ. તેમણે તો, ભગવાનનું નામ આપીને કલ્પિત શાસ્ત્રો રચ્યાં છે: મહાવીરભગવાનને બે બાપ ને બે મા, અર્જુનની પત્ની મહાસતી દ્રૌપદીને પાંચ પતિ વગેરે અનેક કલ્પિત વાતો લખી છે. એ માર્ગભ્રષ્ટ ગુરુઓને અને તે કલ્પિત શાસ્ત્રોને માનવા તે ગૃહીતમિથ્યાત્વ છે. 'આદિ' શબ્દમાં શ્રી ઉમાસ્વામી, કાર્તિકસ્વામી, પૂજ્યપાદસ્વામી, સમન્તભદ્ર, નેમિચંદ્ર સિદ્ધાન્તચક્રવર્તી, અમૃતચંદ્ર, યોગીન્દુદેવ વગેરે દિગંબર આચાર્યભગવંતો લેવા. આભના થોભ જેવા એ સમર્થ આચાર્યભગવંતોએ વીરપ્રભુની વાણીના મર્મને વિધવિધ પ્રકારે શાસ્ત્રોમાં ભરીને મુક્તિનો માર્ગ અદ્ભુત રીતે પ્રકાશ્યો છે.

શ્રી કુંદકુંદાચાર્યદેવે વિક્રમશકના પ્રારંભમાં ( સં. ૪૯માં ) પૂર્વવિદેહક્ષેત્રે જઈને ભગવાન શ્રી સીમંધરસ્વામીનો દિવ્યધ્વનિ સાક્ષાત્ સાંભળ્યો હતો. ત્યાં આઠ દિવસ રહીને કેવળી–શ્રુતકેવળીના સત્સમાગમનો લાભ લીધો હતો. ત્યાંથી આવીને તેમણે આ સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાયસંગ્રહ, નિયમસાર, અષ્ટપ્રાભૃત વગેરે શાસ્ત્રો બનાવ્યાં છે. એ રીતે શ્રી કુંદકુંદાદિ સમર્થ દિગંબર સંતોએ વીરમુખોદ્ગત દિવ્યધ્વનિનાં ઊંડાં રહસ્યોથી ભરપૂર પરમાગમો રચી મોક્ષનો માર્ગ અદ્ભુત રીતે પ્રકાશ્યો છે.

[ છેલ્લા પેરેગ્રાફમાં પૂજ્ય બહેનશ્રીએ પરમકૃપાળુ પરમપૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે બહુમાનભર્યો જે અહોભાવ વ્યક્ત કર્યો છે તે આ પ્રમાણે છે : હાલમાં શ્રી કહાન ગુરુદેવ શાસ્ત્રોનાં સૂક્ષ્મ રહસ્યો ખોલીને મુક્તિનો માર્ગ સ્પષ્ટ રીતે સમજાવી રહ્યા છે. તેઓશ્રીએ પોતાનાં સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા તત્ત્વ પ્રકાશી ભારતને જાગ્રત કર્યું છે. ગુરુદેવનો અમાપ ઉપકાર છે. આ કાળે આવા માર્ગ સમજાવનાર ગુરુદેવ મળ્યા તે અહોભાગ્ય છે. સાતિશય ગુણરત્નોથી ભરપૂર ગુરુદેવનો મહિમા અને તેમનાં ચરણકમળની ભક્તિ અહોનિશ અંતરમાં રહો. ]

[ ધીંગધણી દ્રુત... પાનું ૨૫થી ચાલુ ]

ઉદ્ઘાટન હતું તે દિવસે સાંજે ફળિયામાં ફરતાં ફરતાં બંને ભાઈઓના કાને મેં વાત નાખી ભાઈ ! બેનની સ્થિતિ આવી છે...તો વજુભાઈ રહી ન શકયા એ કહે હું જઈને બેનને પગે લાગું...કીધું ભાઈ ! વાત બહાર પડી જશે, લોકો જીરવી ન શકે... એમ કરીને માંડ માંડ થોભાવ્યા. તેને એમ થઈ ગયું અરે ! અમારા ઘરે આવા બેન ! એમ ઉભરો આવી ગયો એટલે કહે...પગે લાગું...

આ તો એક ઘરે બે આવ્યા. લૌકિકનું આ રાજુલ લાવી અને લોકોત્તરનું બેન લાવ્યાં. બેનની વાત જ જુદી છે. બેન તો ભગવતી સ્વરૂપ છે...આ તો પાંચમો આરો, કાળ કઠણ છે તેથી લોકોને માનવું મુશ્કેલ પડે... [ ક્રમશઃ ]

# □ ધીંગધણી ધ્રુવ ધૂરંધરનાથનું સ્વરૂપ □

[ પૂજ્ય બહેનશ્રીના જાતિસ્મરણજ્ઞાનના વિષયમાં પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રસન્નતા ]

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ પ્રવચન નં. ૬૦ ]

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. તેમાં પ્રથમ અધિકારની ૮૯મી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે આત્મા ગુરુ નથી અને આત્મા શિષ્ય પણ નથી.

अप्पा गुरु णवि सिस्सु णवि सामिउ णवि भिच्चु ।
सूरउ कायरु होइ णवि णवि उत्तमु णवि णिच्चु ॥ ८९ ॥

આત્મા અખંડાનંદ જ્ઞાનસ્વરૂપ છે તે કોઈનો ગુરુ નથી કે કોઈનો શિષ્ય નથી. આત્મા કોઈનો સ્વામી નથી અને કોઈનો નોકર પણ નથી. આત્મા શૂરવીર પણ નથી અને આત્મા કાયર પણ નથી. આત્મા ઉચ્ચકુળવાળો કે નીચકુળવાળો નથી.

ગુરુ, શિષ્ય કે સ્વામી-સેવક આદિના ભેદો પર્યાયમાં છે પણ તે આદરવાયોગ્ય નથી. આદરવાયોગ્ય તો એક ધ્રુવ ચૈતન્ય જ છે. દેહ, મન, વાણી એ આત્માનું સ્વરૂપ નથી, પુણ્ય-પાપના વિકલ્પ એ પણ આત્માનું સ્વરૂપ નથી. અને શુદ્ધપરિણતિ પણ આત્માનું ધ્રુવસ્વરૂપ નથી. આખો ધીંગધણી ધ્રુવ ધૂરંધરનાથ છે તે આત્માનું સ્વરૂપ છે.

ભગવાન આત્મા તો ધ્રુવ સ્તંભ ચિદાનંદકંદ છે તે કાંઈ શૂરવીર કે કાયર નથી. ઊંચ કે નીચ નથી. સ્વામી-સેવક આદિ સંબંધો જોકે વ્યવહારનયથી જીવમાં છે. સ્વામી-સેવક આદિ વિષય છે અને તેને જાણવાવાળી નય પણ છે. વ્યવહારનયથી પર્યાયમાં રહેલાં સંબંધો જાણવાલાયક છે, વેદાંતની જેમ નથી કે કાંઈ છે જ નહિ પણ તે કોઈ સંબંધો આત્માના નથી.

શ્રોતા :—પર્યાયમાં તો આ બધાં ગુરુ-શિષ્યાદિના સંબંધો છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—પર્યાયમાં સંબંધો છે પણ પર્યાય તો એક સમય પૂરતી છે. ધ્રુવ તો નથી—ત્રિકાળી સંબંધ તો નથી માટે તેને અભૂતાર્થ કહ્યો છે. આ બધું સમયસારની ૧૧મી ગાથાનું જ સ્પષ્ટીકરણ છે. ૧૧મી ગાથા આખા જૈનદર્શનની મૂલ્યવાન ગાથા છે. પર્યાયમાત્ર અભૂતાર્થ છે. કેમ કે તે આખો પદાર્થ નથી. એકરૂપ ધ્રુવ વસ્તુ તે જ ભૂતાર્થ છે બાકી બધું અભૂતાર્થ છે માટે આ સ્વામી-સેવક, ગુરુ-શિષ્ય શૂરવીર-કાયર આદિ સંબંધો વ્યવહારનયથી જીવના હોવા છતાં શુદ્ધનયથી શુદ્ધાત્માથી જુદાં છે, આત્માના નથી માટે ત્યાગવા યોગ્ય છે.

બાહ્ય વસ્તુને પોતાની માનનારા બહિરાત્મા-મિથ્યાદૃષ્ટિ જીવો પોતાના વીતરાગ પરમાનંદરૂપ નિજશુદ્ધાત્માને તો ઓળખતા નથી, આ ચૈતન્ય તે જ હું એવી અનુભૂતિ તેને થઈ નથી અર્થાત્ પર્યાયમાં વીતરાગ પરમાનંદની પ્રાપ્તિ થઈ નથી એવા બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ જીવો ઉપર કહેલા ભેદો અને સંબંધોને પોતાના માને છે તે જ ભેદો અને સંબંધોને વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં અંતરાત્મા સમ્યગ્દૃષ્ટિ જીવો પરરૂપ જાણે છે.

વીતરાગ નિર્વિકલ્પ નિર્દોષ પરિણતિની પ્રાપ્તિ થાય તેમાં-ત્યારે શુદ્ધાત્માની પ્રાપ્તિ થઈ કહેવાય છે. નિર્દોષ વીતરાગી પર્યાયમાં શુદ્ધાત્માની સિદ્ધિ થાય છે પણ જેને આવી પર્યાય પ્રગટ થઈ નથી એવા મિથ્યાદૃષ્ટિ જીવો પર્યાયમાં રહેલાં ગુરુ-શિષ્ય, સ્વામી-સેવકાદિ ભેદોને જ પોતાનું સ્વરૂપ માને છે પણ આ જ ભેદોને વીતરાગ નિર્વિકલ્પ પરિણતિમાં રહેતો થકો અંતરાત્મા પોતાના માનતો નથી. ચોથા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધીમાં વર્તતા બધાં જીવો અંતરાત્મા છે-જ્ઞાની છે, સ્થિરતા ઓછી કે વધારે હોય તે જુદી વાત છે પણ તે બધાંને અંતરાત્મા કહેવાય છે.

જુઓ! આ અંતરાત્માની વ્યાખ્યા થઈ. અંતરાત્મા ક્યાં રહે છે!—કે ધ્રુવના ભાનપૂર્વક પ્રગટેલી વીતરાગ નિર્વિકલ્પ શુદ્ધ પર્યાયમાં અંતરાત્મા રહેલો છે. પોતે ઉત્પન્ન કરી છે એવી નિર્મળ પર્યાયમાં ધર્મી રહે છે.

ભગવાન આત્મા એક સમયમાં અખંડાનંદ ચૈતન્ય ધ્રુવ છે તેની જેને પર્યાયમાં પ્રાપ્તિ થઈ છે એવો સમ્યગ્દૃષ્ટિ અંતરાત્મા ગુરુ-શિષ્ય, સ્વામી-સેવકાદિ ભેદોને પોતામાં જોડતો નથી.—આત્મા છે એમ માનતો નથી. ગુરુપણું, શિષ્યપણું, સ્વામીપણું, સેવકપણું, શૂરવીરપણું, કાયરપણું, ઊંચપણું, નીચપણું એ કોઈ મારું સ્વરૂપ નથી, એમ ધર્મી જાણે છે.

હું એકરૂપ ધ્રુવ ચૈતન્યપ્રભુ છું એવી જેને પ્રતીતિ જ્ઞાન અને અનુભવ નથી એવા બહિરાત્મા જીવો પોતાને ગુરુ અથવા શિષ્ય, સ્વામી, સેવક આદિ પર્યાયોરૂપે માને છે.

લોકોને આ વાતમાં કાંઈ સૂઝ પડતી નથી-અઘરી લાગે છે. લોકોને તો દયા પાળવી, વ્રત કરવા, કાયોત્સર્ગ કરવા તેમાં સૂઝ પડે છે. પણ કાયોત્સર્ગનું સાચું સ્વરૂપ જાણતાં નથી-કે ચૈતન્યકાયાની દૃષ્ટિ કરીને તેમાં સ્થિર થવું તે કાયોત્સર્ગ છે. પુણ્ય-પાપાદિ વિકલ્પની બુદ્ધિ છોડીને દ્રવ્યબુદ્ધિમાં સ્થિર થવું તે ધર્મ છે. વસ્તુનું સ્વરૂપ સૂક્ષ્મ છે ભાઈ! પૈસાના દાનાદિ કરવાથી ધર્મ થઈ જશે એમ માનશો નહિ. પાંચ-પચીશ લાખ દાનમાં આપો કે જાત્રા કરી આવો કે વ્રત, તપ, ત્યાગાદિ કરો તે શુભભાવ છે પણ તેનાથી ધર્મ થતો નથી. જેમ ઝેર ખાતાં ખાતાં કસ્તૂરીના ઓડકાર

ન આવે તેમ રાગ કરતાં કરતાં ધર્મ કદી ન થાય. રાગ એ ધર્મનું સાધન નથી. વસ્તુને જે પર્યાય સિદ્ધ કરે છે તે નિર્મળ પર્યાય સાધન છે છતાં તેને પણ વ્યવહાર કહ્યો છે.

રાગ, દેહ, વાણી, મન એ કોઈ ખરેખર સાધન નથી. રાગને પણ અસદ્‌ભૂત જ કહ્યો છે કેમ કે વસ્તુમાં રાગ નથી, નિર્વિકલ્પ પર્યાય પ્રગટ થાય તે સદ્‌ભૂત વ્યવહારમાં આવે છે અને પૂર્ણ પર્યાય થાય તે શુદ્ધ સદ્‌ભૂત છે. તે બધી પર્યાયો હોવાથી જીવનું ત્રિકાળી સ્વરૂપ નથી.

ક્રિયાકાંડીઓએ આ વાત કદી સાંભળી ન હોય એટલે એમ કહે કે, કુંદકુંદ-આચાર્યે વેદાંતનો ઢાળ લીધો છે પણ કુંદકુંદઆચાર્યે સર્વજ્ઞપદનો ઢાળ લીધો છે, વેદાંતનો નહિ.

એક સમયની પરમાત્મદશા—કેવળજ્ઞાન તે જીવનું સ્વરૂપ નથી એ સાંભળીને રાડ પડે તેવું છે.

આ ૮૯ મી ગાથા થઈ. હવે ૯૦ મી ગાથામાં આત્માનું સ્વરૂપ કહે છે.

अप्पा माणुसु देउ ण वि अप्पा तिरिउ ण होइ ।
अप्पा णारउ कहिं वि णवि णाणिउ जाणइ जोइ ॥ ९० ॥

આત્મા—જીવ પદાર્થ મનુષ્ય નથી, દેવ નથી, તિર્યંચ નથી, નારકી નથી. અર્થાત્ કોઈ પણ પ્રકારે આત્મા પરરૂપ નથી, આત્મા તો 'જ્ઞાનસ્વરૂપ' છે તેને મુનિરાજ ત્રણ ગુપ્તિપૂર્વક નિર્વિકલ્પસમાધિમાં લીન થયા થકા જાણે છે.

મનુષ્યપર્યાયથી આત્માને મદદ મળે છે એ ઉપચારનું કથન છે. દરેક સમયે પોતાનો ઉત્પાદ પ્રવાહ વહ્યા જ કરે છે તેને કરે કોણ! ઉત્પાદ...ઉત્પાદ...ઉત્પાદ...નો પ્રવાહ વહ્યા જ કરે છે એવું સ્વતંત્ર પરિણમન છે તેને બીજું દ્રવ્ય મદદ કરતું નથી. અર્થાત્ તેને બીજાની મદદની જરૂર નથી. એવું જ વસ્તુનું સ્વરૂપ પોકારે છે ત્યાં તું તેનાથી ઊંધો પોકાર કરે એ કેમ ચાલે! અમારે પરની મદદ જોઈએ અને અમે પરને મદદ કરીએ, એ તારી મૂઢતા છે.

આત્મા તિર્યંચ નથી એટલે એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચૌરેન્દ્રિય કે પંચેન્દ્રિય પશુ આદિરૂપે આત્મા નથી. આત્મા નારકી નથી અને આત્મા દેવ પણ નથી. પૂર્વે મનુષ્ય આદિરૂપે ન હતો અને ભવિષ્યમાં પણ એ રૂપે થવાનો નથી. આમ આત્મા કોઈ પણ રીતે પરરૂપ નથી. તો આત્મા કેવા રૂપે છે? આત્મા 'જ્ઞાનસ્વરૂપ' છે. આત્મા જ્ઞાનનો સત્ ધ્રુવ તારો છે. ચૈતન્યબિંબ જ્ઞાનમૂર્તિ પ્રભુ છે.

મન, વચન, કાયાથી હટી, મુનિરાજ વિકલ્પથી પણ રહિત થઈને નિર્વિકલ્પ અભેદ શાંતિમાં લીન થયા થકાં 'આ હું જ્ઞાનસ્વરૂપ છું' એમ જાણે છે. રાગરહિત શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, સ્થિરતાની પરિણતિમાં રહીને મુનિ આ હું આત્મા છું એમ જાણે છે. નિર્વિકલ્પ પરિણતિ વિના આત્મા જણાતો નથી. આત્મા...આત્મા એમ બોલવાથી કે વિકલ્પથી આત્મા જણાતો નથી પણ વીતરાગ નિર્વિકલ્પ આનંદમાં લીનતા પૂર્વક આ હું આત્મા છું એમ જણાય છે.

ભગવાન આત્મા તો સદાય એકરૂપ ધ્રુવ અખંડ જ્ઞાનાનંદસ્વરૂપે જ રહ્યો છે. આત્મા કદી ચારગતિની પર્યાયરૂપ થયો નથી. એવા એકરૂપ આત્માને કોણ જાણે છે કે આત્માની શ્રદ્ધા, આત્માનું જ્ઞાન અને આત્માની સ્થિરતામાં લીન થયેલો જીવ આત્માને જાણે છે. પોતાના શુદ્ધોપયોગમાં એકાકાર થઈને ધર્માત્મા આ 'હું આત્મા છું' એમ જાણે છે. એ રીતે આત્માને જાણે ત્યારે જ આત્માને જાણ્યો કહેવાય.

ભાવાર્થ:—નિર્મલ જ્ઞાનદર્શન સ્વભાવરૂપ જે પરમાત્મતત્ત્વ, તેની ભાવનાથી વિપરીત એવા રાગ-દ્વેષાદિ વિભાવ પરિણામોથી ઉપાર્જન કરેલાં શુભાશુભકર્મ છે તેના ઉદયથી ઉત્પન્ન થયેલી મનુષ્યાદિ વિભાવપર્યાયોને ભેદાભેદસ્વરૂપ રત્નત્રયની ભાવનાથી રહિત થયેલો મિથ્યાદૃષ્ટિ જીવ પોતાની માને છે અને આ અજ્ઞાનથી રહિત સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની જીવ તે મનુષ્યાદિ પર્યાયોને પોતાનાથી જુદી જાણે છે.

નિર્મલ જ્ઞાન-દર્શનસ્વભાવી ધ્રુવ આત્મા, તેને અહીં પરમાત્મતત્ત્વ કહ્યું છે. તેની ભાવના એટલે તેમાં એકાગ્રતારૂપ નિર્વિકલ્પ પર્યાય તે શુદ્ધાત્માની ભાવના છે. પરમાત્મતત્ત્વ એવું છે કે તેમાં નજર નાંખતા અંદરથી આનંદના પ્યાલા ફાટે છે. આઠ વર્ષનો બાળક હોય તે પણ આવી પરમાત્મતત્ત્વની ભાવના કરીને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. બાળકપણું તો મનુષ્યપર્યાયમાં છે. આત્માને ઉંમર ક્યાં છે! આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે તે નિર્વિકલ્પ શાંતિથી જણાય છે.

પરમાત્મતત્ત્વ એટલે પરમ શુદ્ધસ્વરૂપ ધ્રુવતત્ત્વ તે ભાવસ્વરૂપ ત્રિકાળી વસ્તુ છે તેમાં એકાગ્રતા તે તેની ભાવના છે. ધ્રુવતત્ત્વ તે દ્રવ્ય છે અને આ ભાવના તે સંવર-નિર્જરારૂપ પર્યાય છે. તેનાથી ઊલટી રાગ-દ્વેષની પર્યાય તે આસ્રવ અને બંધરૂપ પર્યાય છે. આત્માની શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ આદિની નિર્વિકલ્પ વીતરાગી પર્યાય સંવર-નિર્જરાતત્ત્વ છે પણ તેનાથી વિપરીત રાગ-દ્વેષના પરિણામ થાય છે તે ભાવઆસ્રવ અને ભાવબંધતત્ત્વ છે. તે ભાવબંધથી શુભાશુભકર્મો બંધાય છે તે અજીવતત્ત્વ છે. તે કર્મના ઉદયથી મનુષ્ય, તિર્યંચાદિ પર્યાયો ઉત્પન્ન થાય છે.

આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતા તે નિશ્ચયરત્નત્રય અથવા અભેદ રત્નત્રય છે અને તેની સાથે રહેલા વિકલ્પને ભેદરત્નત્રય કહેવાય છે. આ ભેદાભેદરત્નત્રયની ભાવનાથી રહિત એવા મિથ્યાદૃષ્ટિ-અજ્ઞાનીજીવ મનુષ્ય, તિર્યંચ આદિ પર્યાયોને પોતાની માને છે અને જે ભેદાભેદરત્નત્રયની ભાવનાથી સહિત છે અને અજ્ઞાનથી રહિત છે એવા સમ્યગ્દૃષ્ટિજીવો આ મનુષ્યાદિ પર્યાયોને પોતાની માનતા નથી.

ભેદાભેદરત્નત્રયની ભાવનાથી ચ્યૂત થયેલો મિથ્યાદૃષ્ટિ મનુષ્યાદિ પર્યાયોને પોતાની માને છે એમ કહ્યું તેમાં એ વાત પણ ગર્ભિત છે કે કર્મે તેને આત્માની ભાવનાથી ચ્યૂત કરાવ્યો નથી, સ્વયં ચ્યૂત થયો છે અને પોતે જ અજ્ઞાનથી ચાર ગતિરૂપ પર્યાયોને પોતાની માને છે કર્મ તેને અજ્ઞાન કરાવતું નથી—પરને પોતાના મનાવતું નથી. ખરેખર આત્મા તો દર્શન-જ્ઞાનસ્વરૂપ છે પરંતુ આવા સ્વભાવની દૃષ્ટિનો અભાવ હોવાથી મિથ્યાદૃષ્ટિ પરને પોતાના માની રહ્યો છે. કર્મ તેને પોતાના સ્વભાવથી ભ્રષ્ટ કરાવતો નથી. સ્વયં ભ્રષ્ટ થાય છે.

અજ્ઞાનથી રહિત અને ભેદાભેદરત્નત્રયથી સહિત એવા સમ્યગ્દૃષ્ટિજીવો મનુષ્ય, દેવાદિ ભવોને પોતાના માનતાં નથી. હું મનુષ્ય નથી, હું દેવ નથી, હું તિર્યંચ કે નારકી નથી. હું તો જ્ઞાન-દર્શનસ્વરૂપ આત્મા છું એમ તે જાણે છે.

આગળ ફરી આત્માનું સ્વરૂપ કહે છે.

अप्पा पंडिउ मुक्खु णवि णवि ईसरु णवि णीसु ।
तरुणउ बढउ बालु णवि अण्णु वि कम्म-विसेसु ॥ ९१ ॥

ચિદાનંદ ચિદ્રૂપ આત્મા વિદ્યાવાન પણ નથી અને મૂર્ખ પણ નથી. આત્મા ઈશ્વર અર્થાત્ બધી વાતોમાં સામર્થ્યવાન-ધનવાન પણ નથી અને દરિદ્રી પણ નથી. આત્મા યુવાન, બાળક કે વૃદ્ધ નથી. આ બધી પર્યાયો આત્માથી જુદી કર્મના વિશેષ છે અર્થાત્ કર્મથી ઉત્પન્ન થયેલાં વિભાવપર્યાય છે.

આત્મા ત્રિકાળ આનંદ અને જ્ઞાનરૂપ છે. જે જ્ઞાનાનંદરૂપ છે તે જ આત્મા છે. જગતની વિદ્યા તે આત્માનું સ્વરૂપ નથી માટે અહીં કહ્યું કે આત્મા વિદ્યાવાન નથી. જગતના અભ્યાસ કે શાસ્ત્રના અભ્યાસવાળો આત્મા નથી. અને આત્મા મૂર્ખ પણ નથી. આત્મા ભણેલો પણ નથી અને અભણ પણ નથી. કેમ કે લૌકિક ક્ષયોપશમ જ્ઞાન છે તે આત્માનું સ્વરૂપ નથી.

આત્મા ધનવાન નથી અને દરિદ્રી પણ નથી. અજ્ઞાની ધનથી કે અધિકારથી મારાં બધાં કાર્ય થાય છે એમ માને છે, ઘરમાં મારો જ અધિકાર ચાલે છે એમ માને

પણ એ તેનું અજ્ઞાન છે. આત્માને વળી પરમાં અધિકાર કેવો ! કુટુંબ, નાત, ગામ, નગર કે દેશ સાથે આત્માને કાંઈ સંબંધ નથી. આત્મા ધનાદિવાળો નથી તેમ જ દરિદ્રી પણ આત્મા નથી. અરે ! પહેલાં બધાં પૈસાવાળા અને અમે દરિદ્રી...એ રહેવા દે ભાઈ ! આત્માને ધનવાન કે દરિદ્રી માનવો એ જ મૂર્ખાઈ છે. આત્મા તો આનંદકંદ છે તેને કોઈ પરવસ્તુ સાથે સંબંધ નથી.

પહેલા ગાથા આવી ગઈ તેમાં 'આ હું છું ' એ વાત હતી અને આ ગાથાઓમાં 'આ હું નથી ' એ વાત છે. હું એટલે આત્મા બાળક, વૃદ્ધ કે યુવાન નથી. એ ત્રણ અવસ્થા તો માટીના પિંડલાની છે—દેહની છે. આત્મા તો જ્ઞાનાનંદઘન છે. બાળકાદિ અવસ્થા તો આત્માથી જુદાં એવા કર્મની વિશેષતાઓ-પર્યાયો છે. યુવાનીમાં લઠ્ઠ જેવા શરીર હોય, ચાર ચાર લાડવા ખાઈ શકતો હોય, જુવાનીનું જોર હોય તેને એમ થાય કે અરે ! અમે તો યુવાન છીએ. ભાઈ ! તું યુવાન નથી તું તો આત્મા છો પણ તને યુવાન માને છે એ તારી મૂર્ખાઈ છે. શાસ્ત્રમાં પણ આવું માનનારાને પશુ કહીને સંબોધ્યા છે. સમયસારના છેલ્લાં ૧૪ કળશોમાં આ કહ્યું છે કે વસ્તુનું જેવું અનેકાંત-સ્વરૂપ છે તેવું નહિ માનતાં એકાંત માને છે તો તું પશુ છો. મરીને નિગોદાદિ હલકી પર્યાયમાં જવાનો છો.

આત્મામાં જ્ઞાન-દર્શન તો અભેદ છે. પણ જે એકલું બહારનું ક્ષયોપશમ જ્ઞાન છે તે આત્માના સ્વરૂપમાં નથી. બી.એ., એલ. એલ. બી. એ બધું આત્માનું જ્ઞાન નથી, ઉપાધિરૂપ છે. વકીલાત, બેરિસ્ટર, એન્જીનીયર એ બધાંનું જ્ઞાન છે તે કર્મની વિશેષતા છે, આત્માની વિશેષતા નથી. કર્મથી ઉપજ્ઞ થયેલી વિભાવપર્યાય છે.

ભાવાર્થ:—જોકે શરીરના સંબંધથી પંડિત, મૂર્ખ, ધનવાન, દરિદ્રી, બાળક, યુવાન, વૃદ્ધાદિ અવસ્થા વ્યવહારનયથી જીવની કહેવાય છે તોપણ શુદ્ધનિશ્ચયથી શુદ્ધાત્મદ્રવ્યથી તે ભિન્ન છે અને સર્વથા ત્યાગવાયોગ્ય છે. આવા ભેદોને વીતરાગસ્વસંવેદન જ્ઞાનની ભાવનાથી રહિત મિથ્યાદ્રષ્ટિ જીવો પોતાના માને છે અને સમ્યગ્દ્રષ્ટિ જીવ આવા વિભાવપર્યાયોના ભેદને પોતાના માનતા નથી. પોતાથી જુદાં કર્મ જનિત માને છે.

જુઓ ! આમાં તો દશ દશ હજારના પગારવાળા વિદ્યાવાળાઓને પણ ઉડાડયા છે, ઉડાડયા એટલે કે તે આત્માની અવસ્થા નથી. વિભાવપર્યાય છે—અનાત્મા છે. તેને જે આત્મા સાથે મેળવે છે તે મૂરખ છે. આમાં વકીલ, બેરિસ્ટર આદિ બધાં આવી ગયાં.

ભગવાન આત્મા તો રાગ રહિત વીતરાગી શાંતિની પર્યાયમાં પ્રાપ્ત થાય તેવો છે. એવી વીતરાગ સ્વસંવેદનજ્ઞાનની શાંતિમય પર્યાયથી રહિત અજ્ઞાની વિદ્યાવાન, મૂર્ખ, બાળ, યુવાન આદિ પર્યાયોને મારી માનીને તેમાં ' હું પણું ' સેવે છે. અને

સ્વસંવેદનજ્ઞાનથી યુક્ત જ્ઞાની આ કોઈ વિભાવપર્યાયોમાં હું પણું કરતાં નથી. તે પર્યાયોને કર્મજનિત જાણે છે.

આ ત્રણ ગાથા થઈ. હવે પાંચ મિનિટનો ટાઈમ છે તેમાં આ રાજુલની ઓળખાણ કરાવીએ...આ ચંપાબેનના ભાઈ વજુભાઈના દીકરાની દીકરી છે. તેને જાતિસ્મરણજ્ઞાન થયું છે. તે પૂર્વે જૂનાગઢમાં ગોકુળદાસ ઠક્કરના ઘરે દીકરી હતી, 'ગીતા' તેનું નામ હતું. અત્યારે તે પાંચ વર્ષની છે પણ અઢી વર્ષની હતી ત્યારથી તે કહે છે કે હું ગીતા છું, જૂનાગઢથી આવી છું. વગેરે વગેરે કહે છે તે આ વજુભાઈ ને હિંમતભાઈ બન્ને ભાઈઓ જઈ ને તપાસ કરી આવ્યા છે તેના મુદ્દા સાચા પડયાં છે. જુઓ! આત્મામાં આવી જાતની લાયકાત હોય છે તે બાળકને જ હોય એવું નથી. મોટાને પણ હોય. આ જીવ ત્યાંથી મરીને સીધો અહીં આવ્યો છે. આ તો બાળક છે ને! તેને તો એમ છે કે આવું તો બધાંને યાદ હોય. પણ બધાંને આવું જ્ઞાન હોતું નથી. આ તો એક ઘરમાં બે પાકયાં છે. પૂર્વ ભવનું સ્મરણ આત્માનું ત્રિકાળપણું સિદ્ધ કરે છે. વીતરાગ કહે છે તે વાત સિદ્ધ થાય છે એક ભવમાંથી છૂટીને તરત જ બીજી ગતિમાં જીવ આવી જાય છે. વચ્ચે રખડે છે એ વાત ખોટી છે. ગર્ભમાં ત્રણ મહિના પછી જીવ આવે છે એમ કોઈ માને છે તે પણ ખોટું છે. આ છોકરી ભાગ્યશાળી છે તે મુમુક્ષુના ઘરે જન્મી છે અને આ બેન (ચંપાબેન) તો ઘણા ભવનું જ્ઞાન લાવ્યાં છે. તેનો વિરોધ કરનારા કર્મ બાંધે છે. બેનને બોલવાનું ઓછું, બહારથી કાંઈ દેખાય નહિ એટલે લોકો ઓળખી ન શકે પણ બેનને જાતિસ્મરણ અને આત્મજ્ઞાન બંને છે. ગંભીર ગંભીર ઘણાં...બોલવાની વાત નહિ. જાતિસ્મરણ થયા પછી આઠ મહિના ને બાર દિવસે મને વાત કરી. મારી વાત કરી પણ પોતે ગણધર થવાના છે એ વાત તો કરી જ ન હતી. પછી દશ વર્ષ પછી મેં સ્વપ્નાની વાત કરી અને પૂછયું કે તમે બે કોણ છો? ત્યારે માંડ માંડ બોલ્યાં...

આજે માગસર સુદ ત્રીજ છે અને બરાબર ૨૮ વર્ષ પહેલા આજના દિવસે જ એક ચિઠ્ઠીમાં જાતિસ્મરણનું લખાણ લખીને બેને મને મોકલ્યું હતું. આ તો કુદરતી આ મહિનો, સુદ અને ત્રીજ આવી છે. ઘણાં વર્ષ થઈ ગયાં એટલે આટલી વાત કરી, લોકો જીરવી ન શકે, બીજા ક્ષેત્રની વાત છે એટલે બીજા નક્કી ન કરી શકે, રાજુલની વાત તો આ ક્ષેત્રની એટલે નક્કી થઈ ગઈ. આ તો બેનની સાથે રહેલાં હોય, પરિચય હોય તેને ખબર પડે. આ તો છોડી (રાજુલ) ઉપરથી બેનની વાત થોડી થઈ ગઈ... વજુભાઈ, હિંમતભાઈને પણ બેને કહેલ નહિ. ૯૪ના વૈશાખ સુદ આઠમે સ્વાધ્યાયમંદિરનું

[ અનુસંધાન માટે જુઓ પાનુ-૧૮ ]

## ઃ પંડિતજીનો વેદનભીનો નમ્ર અનુરોધ ઃ

[ ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન આદરણીય શ્રી હિંમતલાલભાઈ જે. શાહના ૮૮મા જન્મદિવસે, 'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ' ગ્રંથના વિમોચન અવસરે, ટ્રસ્ટના ટ્રસ્ટી તેમ જ મંત્રી શ્રી ચિમનલાલ ઠાકરશી મોદીએ ટ્રસ્ટ અને સમસ્ત મુમુક્ષુ સમાજ વતી પંડિતજીનું અભિવાદન—ઉપકારદર્શન કરેલ, તે પ્રસંગે પંડિતજીએ વ્યક્ત કરેલ પોતાનું જે અંતર્વેદન તે, મુમુક્ષુઓને જાણવાનો લાભ મળે એ હેતુએ અત્રે આપેલ છે. ]

આ રીતે દર વખતે, મારા જન્મદિવસના દિને, મારો ઉપકાર માનવાની આ જે પ્રણાલિકા શરૂ કરી છે એ બરાબર—યોગ્ય નથી. હું તમારા માંહેનો એક છું. તમે અમુક કામ કરો છો, હું અમુક કામ કરું છું. એ રીતે એકબીજાનું કામ કરીએ એમાં કાંઈ મોટું કામ કરી નાખ્યું છે એમ નથી. રામજીભાઈએ જ્યારે વજુભાઈને, આ મંદિરો વગેરે મકાનો બાંધવા માટે, ખાસ પ્રશંસાપત્રનું કહ્યું ત્યારે વજુભાઈએ કહ્યું કે—"આ હું મારું અપમાન કર્યું એમ ગણીશ. તમારો દીકરો સુમન કાંઈક કામ કરે તો તેનો આભાર માનો છો?" જ્યારે આભાર માનવામાં આવે છે ત્યારે 'તમે મને જુદો ગણો છો' એવી જાતની લાગણી મને થાય છે.

આ જે અનુવાદની શક્તિ, એની મૂળ ભૂમિ તો ગુરુદેવ પાસેથી પ્રાપ્ત થઈ; અને જે અનુવાદ કર્યો એ તો કાંઈક ક્ષયોપશમ હોય તો...એ કાંઈ મોટું કામ નથી. હંમેશાં એમ થાય કે આ મનુષ્યભવ તો ભવભ્રમણ ટાળવાનું ટાણું, તેમાં (આત્માનું) કાંઈક કામ થાય તો તે યોગ્ય—એના મૂલ્યની ચૂકવણી કરી કહેવાય. જ્યાં સુધી—જ્ઞાનસ્વભાવ આત્માનો નિર્ણય કરીને મતિજ્ઞાનતત્ત્વને અંદર વાળી, શ્રુતજ્ઞાનતત્ત્વને પણ અંદર વાળી, પરમબ્રહ્મ પરમાત્મા સમયસારને પ્રાપ્ત કરીને—જીવ અંદર આનંદના ઉછાળા ઊછળે એવી સ્થિતિ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી એણે કાંઈ કર્યું નથી. ચારે ગતિનાં ભવભ્રમણ માથે ઊભાં છે એ આપણે હંમેશાં સંભારવાનું.

અરિહંતને દ્રવ્યગુણપર્યાયપણે જાણે તેને પણ સમ્યગ્દર્શન થાય અને ભવભ્રમણનો અંત આવે, પણ એમાં તત્ત્વજ્ઞાન પહેલું જોઈએ એમ પાછળ (પ્રવચનસાર ગાથા ૮૬) કહ્યું છે. એ પ્રકારનું તત્ત્વજ્ઞાન આપણે પામીએ, એ પ્રમાણે પ્રયત્નશીલ રહીએ અને અનંત કાળનું જે દુઃખ તેને ટાળીએ, એ જ ઝંખના હંમેશાં રાખીએ;—એ આ મનુષ્યભવમાં કરવાનું છે. તમને અમુક ક્ષયોપશમ અને મને અમુક જાતનો ક્ષયોપશમ હોય, બીજાને બીજી જાતનો ક્ષયોપશમ હોય—એમાં કાંઈ વિશેષ નથી. મનુષ્યભવની પાછળ બધા (કેટલાય) ભવો ઊભા છે, એ ટાળવાનો પુરુષાર્થ કરવો જોઈએ. આ

દુર્લભ મનુષ્યપણું પામીને, જે વિષયોમાં નહીં પણ શુભભાવોમાં રમે છે તે પણ રાખને માટે આ રતન જેવો જે મનુષ્યભવ તે એળે ગુમાવે છે. માટે એ રીતે આપણે હંમેશાં આપણું હિત નજર સમક્ષ રાખીએ, મનુષ્યભવને યોગ્ય કાંઈક કાર્યો કરીએ, સામાન્ય કાર્યોમાં સંતોષાઈ ન જઈએ અને એને માટે લેશ પણ માહાત્મ્ય કે માન ન સેવીએ તે કરવા જેવું છે. એ કરવાની આપણને શક્તિ મળે અને મનુષ્યભવ સાર્થક કરીએ. દુર્લભ મનુષ્યપણું પામીને પણ જો કાંઈ ન કરી શકીએ તો એ, રતનની પોટલી રાખને માટે બાળવા જેવું છે.

હું ફરીને ટ્રસ્ટને એ વિનંતી કરું છું કે હવે આ જાતની પ્રણાલિકા—દર વર્ષે આવીને માન આપવું, અભિવાદન કરવું—બંધ કરવામાં આવે; મને લેશમાત્ર એ પસંદ નથી. એમાં મને કાંઈ સંતોષ થતો નથી અને ઊલટું દુઃખ થાય છે. અને તમારે પણ મને જુદો ગણી, એવું ન કરવું જોઈએ. અંદર તમને ભલે મારા પ્રત્યે વાત્સલ્યભરી લાગણી રહે, પણ બહારમાં અભિવાદન વગેરે કરવામાં આવે તેથી મારું દિલ દૂભાય છે.

બાકી આજના દિવસે 'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ' ગ્રંથનું વિમોચન થયું. તે જ્ઞાનવૈભવ ઘણો માહાત્મ્યવાળો છે. જાતિસ્મરણ જેવી ઉત્તમ ચીજ બહેનશ્રીએ પ્રગટ કરી. બહેનશ્રીએ જિંદગીમાં બે મહાન કાર્યો કર્યાં : (૧) આનંદ-ઊછળતી સ્વાનુભૂતિ-પરિણતિ પ્રગટ કરી, અને (૨) આ સ્વાનુભૂતિયુક્ત જાતિસ્મરણજ્ઞાન, કે જે અનેક રહસ્યોથી ભરપૂર છે.

અમને એ જાતિસ્મૃતિજ્ઞાનની વાત કઈ રીતે પ્રાપ્ત થઈ એ ટૂંકાણમાં કહી જાઉં. સં. ૧૯૯૪માં વૈશાખ વદ ૮ને દિવસે સ્વાધ્યાયમંદિરનું ઉદ્‌ઘાટન થયું, ત્યારે ગુરુદેવને બહેનશ્રીના જાતિસ્મરણજ્ઞાનનો પ્રમોદ ખૂબ હતો. આમ તો એ ગોપવતા, કોઈને કહેતા નહિ કે—લોકો તૈયાર નથી, લોકો જીરવી નહિ શકે. માટે એ કારણે કહેતા નહોતા, તોપણ એમને પ્રમોદ આવી જવાથી વ્યાખ્યાનમાં દૃઢતાથી બોલ્યા કે—"કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહમાં ગયા હતા ને સમવસરણમાં શ્રી સીમંધરભગવાનની વાણી સાંભળવા માટે ત્યાં આઠ દિવસ રહ્યા હતા.—આ બધી નજરે જોયેલી વાત છે: કોઈ માને કે ન માને પણ આ વાત સત્ય છે."—આવી મતલબનું લગભગ બોલ્યા. વજુભાઈ ને હું વિચાર કરીએ કે—ગુરુદેવ આજે વ્યાખ્યાનમાં, 'આ બધી નજરે જોયેલી વાત છે, આ વાત આમ જ છે' વગેરે આટલું બધું જોરપૂર્વક શું બોલ્યા? ભાઈ કહે : આપણે ગુરુદેવને પૂછવા જોઈએ. અમે બહેનશ્રીને કહ્યું કે—ગુરુદેવ આજે વ્યાખ્યાનમાં આવું કાંઈક જે બોલ્યા તે વિષે અમારે તેમને

પૂછવા જવું છે. બહેનશ્રી કહે : 'જાવ.' બહેનશ્રીને મનમાં એમ કે ભાઈઓ કંઈક જાણે તો તેમને લાભનું કારણ થાય; મારે તો કહેવું જ નથી, મહારાજસાહેબને કહેવું હશે તો કહેશે; તેથી કહે : 'ભલે, જાવ.'

અમે પૂજ્ય ગુરુદેવ પાસે ગયા. ગુરુદેવ ઓસરીમાં આંટા મારતા હતા. અમે તેમને પૂછ્યું : 'સાહેબ! આજે વ્યાખ્યાનમાં આપે 'આ નજરે જોયેલી વાત છે' વગેરે શું કહ્યું? પહેલાં તો ગુરુદેવે, 'એવું અંગત—વ્યક્તિગત કાંઈ પૂછવાનું ન હોય' એમ જરા જોરથી કહ્યું. તે સાંભળી અમે મૌન થઈ ગયા અને ગુરુદેવ સાથે સ્વાધ્યાય-મંદિરની ઓસરીમાં આંટા મારવા લાગ્યા. પછી ગુરુદેવ પાટ ઉપર બેઠા. અમે તેમની પાસે નીચે બેસી ગયા. બેઠા પછી પૂજ્ય ગુરુદેવે થોડી ટૂંકી ટૂંકી વાતો કરી, ગુરુદેવ, ગંભીર થઈને, બોલ્યા : "બહેનને (બહેનશ્રી ચંપાબેનને) સં. ૧૯૯૩માં ચૈત્ર વદ આઠમના દિને, અનુભવમાંથી બહાર આવતાં, પૂર્વભવનું જાતિસ્મરણજ્ઞાન થયું છે. કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહમાં સીમંધરભગવાનના સમવસરણમાં પધાર્યા હતા. ત્યારે બહેન ને અમે ત્યાં હતાં. હું ત્યાં રાજકુમાર હતો.—આમ બહેનને સ્મરણમાં આવ્યું છે. મને અંદરથી આવતું કે 'હું રાજકુમાર છું, મખમલનાં ને જરીનાં વસ્ત્રો પહેર્યાં છે—વગેરે', પણ બહેને કહ્યું એટલે ઘણું સ્પષ્ટ થયું, પાકું થયું. બહેન શેઠના દીકરા હતા.—ઇત્યાદિ ટૂંકી ટૂંકી થોડી વાતો કરી. પણ સાથે એમ પણ કહ્યું કે—'આ વાત કોઈને કહેવાની નથી...કોઈને નહિ.' વજુભાઈને તે વખતે બહેનશ્રી ઉપર એટલા બધા ભાવ આવી ગયા કે તેમણે હર્ષાશ્રુ સાથે ગદ્‌ગદ સ્વરે કહ્યું : 'સાહેબ! બહેનશ્રીને વંદણા કરવાની તો છૂટ આપો.' ગુરુદેવ કહે : 'ના; તેમને પણ નહિ, કોઈને નહિ; કેમ કે લોકોમાં બહાર ખબર પડી જાય, શંકા થાય કે ભાઈઓ વંદણા કરે છે માટે કાંઈક ગુપ્ત રહસ્ય લાગે છે!'

આટલાં વર્ષનું એ ગુપ્ત રહસ્ય આજે ખૂલ્યું. એ વખતે તો બહુ અલ્પ હતું. ત્યાર પછી ધીમે ધીમે કોઈ યોગ્ય પાત્ર હોય, જિજ્ઞાસુ હોય તેમને ગુરુદેવ થોડું થોડું કહેતા. કોકની આગળ અમુક ને કોકની આગળ અમુક કહેતા. એ પ્રમાણે એ ફેલાતી. ગુરુદેવે બયાનામાં ઘણું કહ્યું હતું. રાજકોટમાં, નેમિદાસભાઈનાં પત્ની માંદાં હતાં ત્યારે દર્શન દેવા પોરબંદર ગયા હતા ત્યારે, વળતાં રાજકોટમાં વિગતવાર કહ્યું હતું. પણ આટલું—અક્ષરે અક્ષર—બધું બહાર, એ તો આજે જ વિમોચન થયું. આવું જાતિસ્મરણજ્ઞાન પ્રગટ કરી બહેનશ્રીએ આપણા ઉપર ઘણો ઉપકાર કર્યો છે.

બહેનશ્રીનાં જાતિસ્મરણજ્ઞાનની આ વાત જ્યાં સાંભળી ત્યાં મને એવી ઊંડી અસર થઈ ગઈ—એવો વૈરાગ્ય થઈ ગયો કે : ઓહો! શરીરથી તદ્દન ભિન્ન, જ્ઞાનશક્તિનો

ધારક એવો આ હું એક શાશ્વત પદાર્થ છું! આ તો આત્માના ભિન્ન તેમ જ શાશ્વત અસ્તિત્વનો પ્રત્યક્ષ પુરાવો! આમાં શંકા શી? આ વાત સાંભળતાં જ આજે ભાવો કેટલા વૈરાગ્યમય થઈ ગયા! અહા! કેટલી સ્પષ્ટ ખાતરી આત્માના શાશ્વત અસ્તિત્વની! આવું વૈરાગ્યભીનું તીવ્ર વેદન થયું. આવું જાતિસ્મરણજ્ઞાન લોકોને ઘણું હિતનું કારણ થાય.

આ રીતે પોતાના જીવનથી, પોતાના નિર્મળ જ્ઞાનથી આપણા પર મહાન ઉપકાર કરનાર પૂજ્ય ગુરુદેવ તેમ જ પૂજ્ય બહેનશ્રીનાં ચરણકમળમાં આજના મંગળ પવિત્ર દિવસે આપણે વંદન કરીએ છીએ.

—*—

## "બહેનશ્રીનો જ્ઞાનવૈભવ" ગ્રન્થ ભેટ-યોજનાના વિષયમાં આવશ્યક સૂચના :—

ગુજરાતી તેમ જ હિન્દી 'આત્મધર્મ'ના ગ્રાહકોને, તેમના તરફથી 'આત્મધર્મ'માં છપાયેલ 'ભેટ-કૂપન', પોતાનો ગ્રાહક નંબર, પૂરું એડ્રેસ (સ્પષ્ટ અક્ષરો) સહિત, મુંબઈ, કલકત્તા, મદ્રાસ, રાજકોટ, ભાવનગર, અમદાવાદ, ખંડવા, જામનગર ઇત્યાદિ મોટા શહેરોમાં જ્યાં આપણું વ્યવસ્થિત મુમુક્ષુમંડળ ચાલી રહ્યું છે ત્યાં જમા કરાવવાથી આ ગ્રંથ ત્યાંથી પ્રાપ્ત થશે. માટે મોટા શહેરવાળા આત્મધર્મ-ગ્રાહક પોતાના ભેટકૂપન સોનગઢ ન મોકલે, પરંતુ 'આત્મધર્મ'ના આગામી અંકમાં સૂચના આવ્યા પછી, પોતાના મંડળમાં ભેટકૂપન જમા કરાવીને ત્યાંથી 'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ' પુસ્તક પ્રાપ્ત કરી લે. "જ્ઞાન-વૈભવ"ની ભેટ-યોજના મુજબ બીજી આવૃત્તિ છપાઈને તૈયાર થતાં ઉક્ત બધા મુમુક્ષુમંડળોને, "આત્મધર્મ"ના ગ્રાહકોની સૂચિની સંખ્યા પ્રમાણે, એકી સાથે મોકલી આપવામાં આવશે. માટે તે ગ્રાહકોને નમ્ર સૂચના છે કે તેઓ પોતાના 'ભેટ-કૂપન' સોનગઢ ન મોકલે, પરંતુ પોતાના મુમુક્ષુમંડળમાં જ જમા કરાવીને ત્યાંથી જ આ ભેટ-પુસ્તક પ્રાપ્ત કરી લે. જે નાના ગામો છે અને ગ્રાહક સંખ્યા ઓછી છે તેઓને જ આ ભેટ પુસ્તક, ભેટ-કૂપન મોકલવાથી, સોનગઢથી મોકલવામાં આવશે. ખાસ ધ્યાન રહે કે ભેટ-યોજનાની બીજી આવૃત્તિ છપાઈને તૈયાર થવામાં કેટલોક સમય લાગશે. તૈયાર થઈ જતાં ગ્રન્થ તુરત મોકલી આપવામાં આવશે.

[તા. ૧૧-૧૦-૯૫]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ
પ્રાતઃ જિનેન્દ્ર-દર્શન-પૂજા
સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી સમયસાર પર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન
બપોરે ૩-૩૦ થી ૪-૩૦ : શ્રી પ્રવચનસાર ઉપર બ્ર. ચંદુભાઈ દ્વારા શાસ્ત્રવાંચન
બપોરે ૪-૩૦ થી ૪-૪૫ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ
બપોરે ૪-૪૫ થી ૫-૩૦ : જિનેન્દ્રભક્તિ
સાંજે ૭-૪૫ થી ૮-૪૫ : પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી છઢાળા' ઉપર ભાવવાહી ટેપ-પ્રવચન.

દીપાવલી : મંગળવાર, તા. ૨૪-૧૦-૯૫
નૂતનવર્ષ : મંગળવાર, તા. ૨૪-૧૦-૯૫
(ભાઈબીજ : બુધવાર, તા. ૨૫-૧૦-૯૫)

## મહાવીરનિર્વાણ-પંચાહ્નિક-મહોત્સવ :

પ્રતિવર્ષ અનુસાર 'શ્રી મહાવીર-નિર્વાણકલ્યાણક' દીપાવલીનો મંગળ અવસર આસો વદ ૧૧, શુક્રવાર તા. ૨૦-૧૦-૯૫થી આસો વદ અમાસ, મંગળવાર, તારીખ ૨૪-૧૦-૯૫—પાંચ દિવસ સુધી શ્રી મહાવીર-કુંદકુંદ દિગંબર જૈન પરમાગમમંદિરમાં 'શ્રી જિનેન્દ્ર-પંચકલ્યાણકમંડલ વિધાનપૂજા', મહાવીરજિનેન્દ્રભક્તિ તેમ જ અધ્યાત્મ જ્ઞાનોપાસના વગેરે વિવિધ કાર્યક્રમ સાથે ઉજવવામાં આવશે.

સુપ્રભાતદિન : નૂતનવર્ષનો મંગલ સુપ્રભાતદિન કારતક સુદ-૧, મંગળવાર, તા. ૨૪-૧૦-૯૫ પૂજાભક્તિ તેમ જ પૂજ્ય ગુરુદેવશ્રીના સુપ્રભાત-પ્રવચન આદિ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે.

આ પ્રસંગે કાયમી વિધાન પૂજા :—

૧. શ્રી જયસુખલાલ પોપટલાલ સંઘાણી હા. બ્ર. શારદાબેન, રાજકોટ
૨. શ્રી દેવશીભાઈ રામજીભાઈ તથા ચંચળબેન દેવશીભાઈ કોઠારી, સોનગઢ
૩. શ્રી ચંચળબેન ગોરધનદાસ શાહ, મુંબઈ
૪. સ્વ. શ્રી શિવકુંવરબેન ન્યાલચંદભાઈ મોદી, હા. શ્રી રમણીકલાલ મોદી તથા ભાઈઓ, રાજકોટ
૫. સ્વ. રવીચન્દભાઈ વીકમચંદ સંઘવી, વાંકાનેર (હાલ મદ્રાસ), હ. જ્યોત્સ્નાબેન;
૬. શ્રી સરલાબેન રજનીકાંત ગોસળીયા, યુ. એસ. એ., હા. અંકુરભાઈ;
૭. શ્રી ચન્દ્રકાંતભાઈ ઉજમશીભાઈ મહેતા, ચેમ્બૂર;
૮. શ્રી રંભાબેન પોપટલાલ વોરા-પરિવાર, હ શ્રી હસમુખભાઈ;
૯. શ્રી નવલચંદભાઈ જગજીવનભાઈ શાહ, સોનગઢ

—તરફથી રાખવામાં આવી છે.

## ❋ ધાર્મિક કાર્યક્રમ ❋

[ તા. ૧૦-૧૧-૯૫ થી તા. ૧૪-૧૧-૯૫ ]

સમયસાર-યુગપ્રવર્તક આપણા પરમ તારણહાર પરમોપકારી વ્હાલા ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીની પુણ્યસમાધિનો પંદરમો વાર્ષિક દિન વિ. સં. ૨૦૫૨, કારતક વદ ૭, મંગળવાર, તા. ૧૪-૧૧-૯૫ના રોજ છે. પરમ કલ્યાણમૂર્તિ કૃપાળુ ગુરુદેવના દુઃખદ વિરહના આ સાંવત્સરિક સમાધિદિન નિમિત્તે તા. ૧૦-૧૧-૯૫, શુક્રવારથી તા. ૧૪-૧૧-૯૫, મંગળવાર—એમ પાંચ દિવસ સુધી ધાર્મિક કાર્યક્રમ—શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, જિનેન્દ્રભક્તિ, ગુરુભક્તિ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસ ઝરતાં ટેપ તથા વિડિયો પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-તત્ત્વચર્ચા અને સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન વગેરે વિવિધ કાર્યક્રમ—રાખવામાં આવ્યા છે.

અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્ય તેમ જ ગુરુભક્તિનો લાભ લેવા માટે આ અવસરે ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહેનોને શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી સોનગઢ પધારવાનું હાર્દિક આમંત્રણ છે આ પ્રસંગે પધારવાથી આપ સર્વેને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિમાં બિરાજમાન શ્રી જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજન-ભક્તિ વગેરેનો પણ અમૂલ્ય લાભ મળશે. —❋—

## નાઈરોબી-સમાચાર ( સંક્ષિપ્ત ) :—

નાઈરોબી દિ. જૈન મુમુક્ષુમંડળના મંત્રી શ્રી શાંતિલાલ દેવજી શાહે મંડળ તરફથી જણાવ્યું છે કે :—અહીં તા. ૨૫-૮-૯૫ થી તા. ૩-૯-૯૫ શ્રી કહાનગુરુ-પ્રતિકૃતિ-સંસ્થાપન મહોત્સવ અત્યંત આનંદોલ્લાસ સહ સમ્પન્ન થયો. શ્રી પ્રતિકૃતિનું મંગલ સ્વાગત, શ્રી કિરણભાઈ શાહ તેમ જ શ્રી કસ્તૂરબેન માલદે આદિ અનેક મુમુક્ષુઓના ઘરે લઈ જઈને, અતિ ભક્તિ-સન્માન પૂર્વક કરવામાં આવ્યું હતું. સંસ્થાપનની બોલી સ્વ. મેઘજીભાઈ નથુ માલદે-પરિવારે ( હસ્તે કસ્તૂરબેન, ચંદ્રકાંત સુધીર, ઉમેશ, મૂકેશ તથા સુનિલ ) તથા સ્વ. હરખચંદ રાયચંદ માલદે-પરિવારે ( હસ્તે-સરલાબેન તથા બ્રિજેશ ) બહુ ઊંચા ભાવથી લીધી હતી. પ્રતિસ્થાપનના દિવસે શ્રીમતી રૂક્મણીબેન અમૃતલાલ શાહ તરફથી સ્વામીવાત્સલ્ય ભોજન રાખવામાં આવ્યું હતું. આ પવિત્ર મહોત્સવમાં સર્વે મુમુક્ષુઓને વર્ણનાતીત અત્યંત આનંદોલ્લાસ હતો.

## વૈરાગ્ય સમાચાર :—

* નાઈરોબીનિવાસી શ્રી લીલાવંતીબેન નરશીભાઈ શાહ ( વર્ષ-૮૦ ) તા. ૧૬-૯-૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ વારંવાર સોનગઢ આવીને તેમ જ પૂજ્ય ગુરુદેવશ્રી નાઈરોબી પધારેલ ત્યારે પણ ગુરુભક્તિપૂર્ણભાવે ઘણો લાભ લીધો હતો.

* જબેરા ( મધ્ય પ્રદેશ ) નિવાસી શ્રી લક્ષ્મીચંદજી જૈન ( વર્ષ-૬૪ )નું ટૂંકી બિમારીથી તા. ૨-૮-૯૫ના રોજ શાંતિપૂર્વક દેહાવસાન થયું છે. તેઓ નિવૃત્તિ લઈને સોનગઢમાં સ્થાયી થયા હતા. તેમને તત્ત્વ સમજવાનો સારો રસ હતો અને કેટલોક વખત હિન્દી 'આત્મધર્મ'ના કાર્યમાં સેવા આપી હતી.

* ધાંધલપુરનિવાસી સ્વ. મણીલાલ ઓધવજી તુરખીયા ( કરાંચીવાળા )ના ધર્મપત્ની ગં. સ્વ. ચંચળબેન ( વર્ષ-૯૫ ) તા. ૯-૯-૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષો સુધી સોનગઢ સ્થાયી રહીને પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો લાભ લીધો હતો.

* રાજકોટનિવાસી શ્રી હિતેશકુમાર સુદર્શન દેસાઈ ( વર્ષ-૨૫ ) તા. ૧૨-૯-૯૫ના રોજ તુલસીશ્યામ કૂંડમાં ઓચિંતા ડૂબી જતાં સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી શ્રી દિ. જૈન સંઘ-રાજકોટના ટ્રસ્ટી શ્રી જગદીશચંદ્ર કુલચંદભાઈ પારેખ ( વર્ષ-૭૪ ) તા. ૨૬-૯-૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ૪૭ વર્ષથી પૂજ્ય ગુરુદેવશ્રીના સતસમાગમનનો ઘણો લાભ લેતા રહ્યા હતા.

—પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નત્તિ પામો એ જ ભાવના. —*—

## * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર *

* ધર્મધૂરંધર યોગીન્દ્રદેવ પોકાર કરે છે કે અરે! આત્મા! તું પરમાત્મા જેવો છો છતાં તું જિનમાં ને તારામાં ફેર પાડે છો? ફેર પાડીશ તો ફેર કે દી છૂટશે? તેથી કહે છે કે હું રાગવાળો અલ્પજ્ઞતાવાળો એમ મનન નહિ કરો પણ જે જિનેન્દ્ર છે તે જ હું છું એવું મનન કરો! અરેરે, હું અલ્પજ્ઞ છું, મારામાં આવી કાંઈ તાકાત હોતી હશે?—એ વાત રહેવા દે ભાઈ! હું પૂરણ પરમાત્મા થવાને લાયક છું—એમ નહિ પણ પૂરણ પરમાત્મા અત્યારે હું છું—એમ મનન કર! આહાહા!! ૩.

* અહા! મહાવિદેહમાં પ્રભુ સમવસરણમાં બિરાજે છે. સો સો ઇન્દ્રો, ચક્રવર્તી આદિ તથા જંગલમાંથી સેંકડો વાઘ ને કેસરી સિંહનાં ટોળાં વાણી સાંભળવા આવે છે. અહા! પરમાત્માની એ વાણી કેવી હશે! સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે—આ જગતમાં જે પરમાત્મા કહેવાય છે તે કોણ? કે એ તું પોતે. પર્યાયમાં જે પ્રગટ પરમાત્મા થયા; એ પદ આવ્યું ક્યાંથી? પોતે શક્તિ-અપેક્ષાએ પરમાત્મસ્વરૂપ છે એમાંથી પરમાત્મપર્યાય આવી છે. અહા! જીવે પોતાને પામર તરીકે સ્વીકાર્યો છે. દયાનો પાળનાર તે હું; પણ અરે પ્રભુ! રાગની ક્રિયા કરનારો તે તું? જ્ઞાયકને રાગનું કર્તૃત્વ સોંપવું તે તો અજ્ઞાન ને મિથ્યા ભ્રમ છે. "સર્વોત્કૃષ્ટ જે પરમાત્મા કહેવાય છે તે તું પોતે છો"—એમ શ્રી જિનેશ્વરદેવનો પોકાર, દિવ્યધ્વનિ દ્વારા, ગણધરો ને ઇન્દ્રોની સમક્ષ આવ્યો છે. ૪.

* શ્રેણીબદ્ધ પર્યાય છે એટલે તું જાણનાર જ છો. જાણનાર...પૂરણ જાણનાર એટલે વિકાર કે અપૂર્ણતા શું! એકરૂપ પરિપૂર્ણ જ છો... પરિપૂર્ણ પરમાત્મા જ છો. ૫.

* આહાહા! આત્મા એટલે પોતે જ પરમેશ્વર છે. અનંત અનંત કેવળજ્ઞાન અને સિદ્ધ પર્યાયો આત્મામાં ભરી છે. પોતે જ પરમેશ્વર છે. બીજા પરમેશ્વર ક્યા હતા!....પોતે જ પોતાનો પરમેશ્વર છે. ૬.

## 卐 મનુષ્યજીવનની સાર્થકતા 卐

જૈનધર્મમાં ભગવાન મહાવીરે સ્વ અને પરની ભિન્નતાનાં મૂળ મંત્રો આપ્યા છે. સ્વ અને પરની ભિન્નતા ભાસવી તે જ મનુષ્યજીવનની સાર્થકતા છે.

—વીરશાસનપ્રભાવક પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH–364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વિદેશ માટે (સી-મેઇલથી) રૂા. ૨૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૬/-
વિદેશ માટે (સી-મેઇલથી) રૂા. ૧૮/-
[ વિદેશ માટે એર-મેઇલથી મંગાવવા માટે વાર્ષિક રૂા. ૧૬૮/- પોસ્ટેજના અલગ ]

A 356 Smt. Kantaben M. Ajmera
Modi No. 2, Sita Burdy,
NAGPUR-440012